# શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
## (ગુજરાત એક્ટ નં. ૨૪/૨૦૧૫ દ્વારા સ્થાપિત)
## Shri Govind Guru University
## (Established vide Gujarat Act No. 24/2015)

સરકારી પોલિટેકનીક કેમ્પસ
ગદુકપુર, ગોધરા
જિલ્લો પંચમહાલ પિન કોડ 389001

Government Polytechnic Campus
Gadukpur, Godhara
Dist. Panchmahals Pin Code 389001

નં. એસજીજીયુ/વિ.ક./૨૦૧૭/6530

તા.૧૮/૦૮/૨૦૧૭

પ્રતિ
આચાર્યશ્રી તમામ

શ્રી ગોવિંદ ગુરુ યુનીવર્સીટી સંલગ્ન કોલેજો

વિષય : ગુજરાત ક્વિઝ-૨૦૧૭ નું આયોજન કરવા બાબત.

સંદર્ભ : આ યુનીવર્સીટી ના પરિપત્ર નં.એસજીજીયુ /વિ.ક./૨૦૧૭/૬૪૬૮

ઉપરોક્ત વિષયે અને સંદર્ભ દર્શિત પરિપત્ર તેમજ KCG અમદાવાદના તા. ૧૬/૦૮/૨૦૧૭ ના પત્ર અનુસાર ગુજરાત ક્વિઝ ૨૦૧૭ પ્રશ્નાવલી (પ્રવેશિકા) www.gujratquiz.in પર મુકવામાં આવેલ છે અને વિદ્યાર્થીઓના ઓનલાઈન રજીસ્ટ્રેશનની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે. જેથી આપની કોલેજોમાં અભ્યાસ કરતા અને ગુજરાત ક્વિઝ ૨૦૧૭ માટે ઈચ્છુક વિધાર્થીઓને ઉપરોક્ત વેબસાઈટ પર ઉપલબ્ધ ગુજરાત ક્વિઝ પ્રવેશિકા ડાઉનલોડ કરી અને વિધાર્થીઓને મળી રહે તે પ્રકારની વ્યવસ્થા કરવા વિનંતી છે. આ ગુજરાત ક્વિઝ પ્રવેશીકા શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી ની વેબસાઈટ પર પણ ઉપલબ્ધ છે. વધુમાં ગુજરાત ક્વિઝ ૨૦૧૭ની સ્પર્ધા અંગે વિશેષ માહિતી શ્રી પ્રણવ અધાર્યું (મો.૯૪૨૭૮૦૨૪૫૧) ઈ-મેઈલ gujratquiz2017@gmail.com પરથી મળી શકશે.

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

કુલસચિવ
શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી
ગોધરા

નકલ રવાના જાણ સારૂ
1. માન. અગ્ર સચિવશ્રી ,ઉચ્ચ અને ટેકનીકલ શિક્ષણ વિભાગ ,ગાંધીનગર
1. માન. ડાયરેક્ટરશ્રી, ઉચ્ચ શિક્ષણ , ગાંધીનગર
2. માન. ડાયરેક્ટરશ્રી, ટેકનીકલ શિક્ષણ, ગાંધીનગર

માતૃભૂમિ ગુજરાત પ્રત્યેની નિષ્ઠા,
નિસબત અને ગૌરવનો અનોખો માપદંડ

# ગુજરાત ક્વિઝ

## પ્રવેશિકા




સંવેદનશીલ અને પ્રજાલક્ષી
માનનીય મુખ્યમંત્રીશ્રી વિજય રૂપાણીના પ્રતિબદ્ધ નેતૃત્વ હેઠળ
નવા રૂપ-સ્વરૂપ અને આગવા અંદાજમાં
માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના સ્વપ્નને નવી ઉંચાઈ આપતું
નક્કર અને સાર્થક આયોજન
ગુજરાત ક્વિઝ ૨૦૧૭
વિશ્વસ્તરીય ગુજરાતકેન્દ્રી ક્વિઝ કૉમ્પિટીશન



માતૃભૂમિ ગુજરાત પ્રત્યેની નિષ્ઠા, નિસબત અને ગૌરવના અનોખા માપદંડ જી.ક્યુ. અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ વધે, તેમના ગુજરાત વિશેના જ્ઞાનમાં વધારો થાય, માતૃભૂમિ પ્રત્યેનો આદર વધે અને પરસ્પર તંદુરસ્ત સ્પર્ધાનું વાતાવરણ બને તે માટે યોજાનારી ગુજરાતકેન્દ્રી ક્વિઝ કૉમ્પિટિશનનાં ધ્યેય છે

• ગુજરાતની નવી પેઢીમાં ગુજરાત પ્રત્યેની નિષ્ઠા, નિસબત અને ગૌરવનો પુનઃસંચાર કરવો • ગુજરાતના ગૌરવ સમાન વ્યક્તિવિશેષો અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે જાણીતી ગુજરાતી પ્રતિભાઓની ઓળખ દ્વારા આજના યુવાધનને પ્રેરણા પૂરી પાડવી • સ્પર્ધાત્મક પરીક્ષા માટે સજ્જ અને સક્ષમ યુવાધનને પ્રોત્સાહન આપવું • ગુજરાતની વિશેષતા અને વારસાની સાચી સમજ આપતી અભૂતપૂર્વ અને આધારભૂત પ્રશ્નબેંકનું નિર્માણ કરવું • શિક્ષણજગત અને સમાજમાં જ્ઞાનના આદાન-પ્રદાનની આબોહવાને વિસ્તારવી • અવિરત ચાલતા 'ગુજરાત જ્ઞાનયજ્ઞ'માં સૌ ગુજરાતીઓની સક્રિય ભાગીદારી અને આહુતિ મેળવવી




## અગત્યની નોંધ

ગુજરાત ક્વિઝ (જી.ક્યુ.) અંતર્ગત આધારભૂત સ્રોત અને નિષ્ણાતોના માર્ગદર્શન હેઠળ નિર્માણ પામેલી ગુજરાતની પ્રમાણભૂત માહિતી અને ગૌરવ સમાન વિશેષતાઓ સમાવતી અભૂતપૂર્વ પ્રશ્નબેંકમાં સ્થાન પામેલી તમામ વિગતોની આધારભૂતતા અને ખરાઈ અંગે પૂરતી ચોક્કસાઈ અને કાળજી રાખવામાં આવી છે. આમ છતાં, માનવસહજ શરતચૂક કે ટેક્નોલૉજીની ક્ષતિ જેવાં પરિબળોના કારણે વિગતદોષ, માહિતીદોષ કે અન્ય કોઈ વિસંગતતા જણાય તો સત્વરે gujaratquiz2017@gmail.comનો સંપર્ક કરીને ધ્યાન દોરવા વિનંતી. યોગ્ય સૂચનોને તજ્જ્ઞોના માર્ગદર્શન બાદ સત્વરે સુધારી લેવામાં આવશે.

**આ સ્પષ્ટતા સાથે સૌને એ વાતની નોંધ લેવા વિનંતી કે હકીકતદોષ, માહિતીદોષ કે વિસંગતતા ધરાવતા પ્રશ્નો જો સ્પર્ધામાં સમાવેશ થયો હોય તો સ્પર્ધકે આ પુસ્તિકાના આધારે તૈયારી કરી હોવાના કારણે આ પુસ્તિકાના જવાબને જ અંતિમ ગણવાનો રહેશે.**

**GQ**

માતૃભૂમિ ગુજરાત પ્રત્યેની
નિષ્ઠા, નિસબત અને
ગૌરવનો અનોખો માપદંડ



ગુજરાત પ્રત્યે લાગણીનો સંબંધ ધરાવતા સૌ કોઈને ગુજરાતની ઐતિહાસિક, સાંસ્કૃતિક, સાહિત્યિક, ભૌગોલિક, ઔદ્યોગિક અને શૈક્ષણિક ઓળખ સમાન વિશેષતાઓનો સાચો ચિતાર આપી તેની જ્ઞાનની ક્ષિતિજો વિકસાવવાની દિશામાં ગુજરાત ક્વિઝ અત્યંત મહત્વનું પગલું છે.

પોતાની માતૃભૂમિ પ્રત્યે સૌ આદર, ગૌરવ અને પોતીકાપણાની લાગણી અનુભવે તેવા પ્રયત્નના ભાગરૂપે યોજાઈ રહેલી આ સ્પર્ધાના કારણે ગુજરાતની નવી પેઢી વધુ તેજસ્વી, પ્રતિભાશાળી, જ્ઞાનસમૃદ્ધ બનશે અને પોતાની માતૃભૂમિ ગુજરાતને સંપૂર્ણપણે જાણતી થશે.

આ સ્પર્ધામાં ભાગ લેવા માત્રથી આપ ગુજરાત પ્રત્યે આપણું ઋણ અદા કરી રહ્યાં હોવાની લાગણી અનુભવશો. સૌ સ્પર્ધકોને જ્ઞાન અને ગૌરવ તરફ લઇ જતી ગુજરાત ક્વિઝ માટે હૃદયપૂર્વક શુભેચ્છા.

**શ્રી વિજય રૂપાણી**
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય




# ગુજરાત ક્વિઝ અંતર્ગત યોજાનાર સ્પર્ધાના આયોજન અંગે...

ગુજરાત રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓમાં માતૃભૂમિ ગુજરાત પ્રત્યેની નિષ્ઠા અને ગૌરવ તેમજ ગુજરાત વિશેના જ્ઞાનમાં વધારો થાય તે હેતુથી ગુજરાત ક્વિઝ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ અંતર્ગત ગુજરાતની નવી પેઢીને ગુજરાતની વિશેષતાઓ અને વારસાની સમજ આપતી ક્વિઝ સ્પર્ધા યોજાનાર છે.

ગુજરાત ક્વિઝ સ્પર્ધામાં પ્રાથમિક શાળા(ધોરણ ૬થી ૮, કિશોર વર્ગ) અને માધ્યમિક/ ઉચ્ચતર માધ્યમિક શાળાઓ (ધોરણ ૯થી ૧૨, તરુણ વર્ગ) તથા મહાવિદ્યાલયો અને દરેક પ્રકારની વિશ્વવિદ્યાલયો (કૉલેજના પ્રથમથી અંતિમ વર્ષ સુધીનો યુવાવર્ગ) એમ ત્રણ વિભાગમાં વિવિધ સ્તરે સ્પર્ધાઓનું આયોજન થશે. સમગ્ર ગુજરાતની તમામ પ્રાથમિક શાળાઓ, માધ્યમિક શાળાઓ, ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, મહાવિદ્યાલયો અને વિશ્વવિદ્યાલયોના વધુમાં વધુ વિદ્યાર્થીઓ આ સ્પર્ધામાં ભાગ લે તે ઈચ્છનીય છે. શાળા અને મહાવિદ્યાલય કક્ષાએ ગુજરાત ક્વિઝ સ્પર્ધાના આયોજન માટે આ પ્રમાણેની વ્યવસ્થા અનિવાર્ય છે.

૧. દરેક સંસ્થાએ ગુજરાત ક્વિઝ પ્રવેશિકાના પ્રશ્નોનો આધાર રાખી બહુવૈકલ્પિક પ્રશ્નપત્ર દ્વારા વિદ્યાર્થીઓની જાણકારી ચકાસવાની રહેશે.

૨. આ પ્રશ્નપત્ર માટે ગુજરાત ક્વિઝ પ્રવેશિકામાં આપેલા જવાબ સહિત કુલ ચાર વિકલ્પો તૈયાર કરવાના રહેશે.

૩. ધોરણ ૬થી ૮ એટલે કે કિશોર વર્ગની સ્પર્ધા માટે ગુજરાત ક્વિઝ પ્રવેશિકાના પ્રથમ ૪થી ૧૩ પેજના પ્રશ્નોનો આધાર લેવાનો રહેશે.

૪. ધોરણ ૯ થી ૧૨ - તરુણ વર્ગની સ્પર્ધા માટે ગુજરાત ક્વિઝ પ્રવેશિકાના પ્રથમ ૪થી ૧૭ પેજના પ્રશ્નોનો આધાર લેવાનો રહેશે.

૫. સ્નાતક કક્ષા - યુવા વર્ગની સ્પર્ધા માટે ગુજરાત ક્વિઝ પ્રવેશિકાના સઘળાં પ્રશ્નોનો આધાર લેવાનો રહેશે.

૬. વિદ્યાર્થીઓને આ અંગેની પૂરતી જાણકારી અને માર્ગદર્શન આપવાનું રહેશે.

૭. સૌ વિદ્યાર્થીઓને ગુજરાત ક્વિઝ પ્રવેશિકાના પ્રશ્નો ઉપલબ્ધ થાય તે માટે એકસાથે વાચન થાય, ફોટોકૉપી મળી રહે, વેબસાઈટ પરથી પ્રવેશિકા પ્રાપ્ત કરવામાં આવે... જેવા વિવિધ ઉપાયો યોજવા ઈચ્છનીય છે.

વધુ વિગતો અને માર્ગદર્શન માટે **www.gujaratquiz.in**ની મુલાકાત લો.

વેબસાઈટ પરથી નમૂનાનું પ્રશ્નપત્ર મેળવી શકાશે.
શાળા કક્ષાએ ઓનલાઈન રમી શકાય તેવું મોડ્યુલ ૧૫ ઓગસ્ટ, ૨૦૧૭થી વેબસાઈટ પર ઉપલબ્ધ રહેશે.

માતૃભૂમિ ગુજરાત પ્રત્યેની નિષ્ઠા, નિસબત અને ગૌરવનો માપદંડ
**GQ** જાણવા માટે **www.gujaratquiz.in** પર લોગઈન થવા સૌને આમંત્રણ છે.

પ્રાચીન ગુજરાતની વિશ્વવિખ્યાત વિદ્યાપીઠનું નામ જણાવો. **વલભી વિદ્યાપીઠ** ★ ગુજરાતમાં સૌપ્રથમ પ્લેનેટોરિયમ કયાં સ્થપાયું હતું? **સુરત** ★ પોતાના શાસનકાળમા ફરજિયાત પ્રાથમિક શિક્ષણ દાખલ કરનાર રાજવી કોણ હતા? **મહારાજા સયાજીરાવ ગાયકવાડ-વડોદરા** ★ રાજ્ય સરકાર દ્વારા કૃષિ મહોત્સવ અંતર્ગત કૃષિરથ યાત્રા થાય છે, તે દર વર્ષે કયા દિવસથી શરૂ થાય છે? **અખાત્રીજના દિવસથી** ★ ગુજરાતમાં પુસ્તકાલય પ્રવૃત્તિના પ્રણેતા કોણ ગણાય છે? **મોતીભાઈ અમીન** ★ ગુજરાતમાં સૌથી મોટું પુસ્તકાલય કયું છે? **સેન્ટ્રલ લાયબ્રેરી-વડોદરા** ★ ગુજરાતમાં જામનગર નજીક સૈનિક શાળા કયાં આવેલી છે? **બાલાછડી** ★ ગુજરાતના દરિયાકાંઠાના બે બંદરો વચ્ચે લાંબો બંધ બાંધવાની મહત્વકાંક્ષી યોજના કઈ છે? **કલ્પસર યોજના** ★ ગુજરાતમાં રાષ્ટ્રભાષાના પ્રચાર માટે કઇ સંસ્થા કામ કરે છે? **ગુજરાત પ્રાંતીય રાષ્ટ્રભાષા સમિતિ** ★ કયા ક્રાંતિકારી દેશભક્ત ઓકસફર્ડમાં સંસ્કૃતનાં અધ્યાપક હતા? **શ્યામજીકૃષ્ણ વર્મા** ★ ગુજરાતમાં જન્મેલા કયા ગણિતજ્ઞએ શૂન્યનો આવિષ્કાર કર્યો હોવાનું મનાય છે? **બ્રહ્મગુપ્ત** ★ ગુજરાતમાં આકાર પામનારી કલ્પસર યોજનામાં કયા અખાતમાં નદીઓના વહી જતા પાણીને બચાવી શકાશે? **ખંભાતના** ★ પ્રજ્ઞાચક્ષુઓ માટે ગુજરાતમાં કઇ સંસ્થા કાર્યરત છે અને તે કયાં આવેલી છે? **અંધજન મંડળ-અમદાવાદ** ★ સ્ત્રીઓને સ્વાવલંબી બનાવવા માટે સ્થપાયેલી જયોતિસંઘ સંસ્થાના પ્રણેતા કોણ હતાં? **ચારૂમતી યોદ્ધા** ★ રાજ્યની કઈ સંસ્થા પૌરાણિક હસ્તપ્રતો અને શિલાલેખોની જાળવણી તેમજ સંશોધનનું કામ કરે છે? **લાલભાઈ દલપતભાઈ ઈન્ડોલોજી** ★ ખંભાતના અખાતમાં મીઠા પાણીનું સરોવર નિર્માણ કરવાની મહત્વકાંક્ષી યોજનામાં કયા બે બંદરો વચ્ચે બંધ નિર્માણ થવાનો છે? **ઘોઘા અને દહેજ** ★ અમદાવાદમાં સૌપ્રથમ કન્યાશાળા કોણે સ્થાપી? **હરકુંવર શેઠાણી (૧૮૫૦)** ★ ગુજરાતમાં સૌપ્રથમ સુતરાઉ કાપડની મીલની સ્થાપના કોણે કરી? **રણછોડલાલ છોટાલાલ** ★ મહાગુજરાત આંદોલન કોની આગેવાની હેઠળ થયું હતું? **ઈન્દુલાલ યાજ્ઞિક** ★ ગ્રામીણ નાગરિકોનો વ્યક્તિગત સંપર્ક કરીને એક મિત્ર તરીકે માર્ગદર્શન આપનારી રાજ્ય સરકારની યોજના કઇ છે? **ગ્રામમિત્ર યોજના** ★ ગુજરાતમાં 'વિધવા વિવાહ' પર નિબંધ લખવા કયા સુધારકને ઘર છોડવું પડ્યું? **કરશનદાસ મૂળજી** ★ ગુજરાત વિધાનસભા કયા મહાનુભાવના નામથી ઓળખાય છે? **વિઠ્ઠલભાઈ પટેલ** ★ ગુજરાત રાજયનાં સૌ પ્રથમ રાજયપાલ (૧૯૬૦માં) કોણ હતા? **મહેંદી નવાઝ જંગ** ★ ગ્રામ્ય વિસ્તારની ગરીબ મહિલાઓ સહકારી ધોરણે પશુપાલન વ્યવસાય દ્વારા આવકનું ઉપાર્જન કરીને જીવન ધોરણમાં સુધારો લાવવામાં મદદરૂપ થાય તેવી રાજ્ય સરકારની યોજના કઈ છે? **મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીને રાહત દરે જમીન ફાળવણી યોજના** ★ ગુજરાત રાજયના સૌપ્રથમ મુખ્યમંત્રી કોણ હતા? **ડૉ. જીવરાજ મહેતા** ★ ગુજરાતના કયા જાણીતા પક્ષીવિદને 'પદ્મભૂષણ'થી સન્માનિત કરાયા છે? **સલીમઅલી** ★ ગાંધીજી કોને ચરોતરનું મોતી કહેતા? **મોતીભાઈ અમીન** ★ ગાંધીનગર, અમદાવાદ, સુરત, વડોદરા અન રાજકોટ સિવાય અન્ય ક્યાં શહેરનો સ્માર્ટ સિટી તરીકે સમાવેશ થયો છે? **દાહોદ** ★ ગુજરાત વિધાનસભાના પ્રથમ અધ્યક્ષ કોણ હતા ? **કલ્યાણ વી. મહેતા** ★ ગુજરાતના પ્રથમ ભૌતિક વિજ્ઞાની કોણ હતા? **ડૉ. વિક્રમ સારાભાઈ** ★ કવિ કલાપીનું પુરુ નામ શું છે? **સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલ** ★ ગુજરાત સરકારની વિશિષ્ટ યોજના 'સેવા સેતુ'નો પ્રારંભ ક્યાં મુખ્યમંત્રી દ્વારા કરવામાં આવ્યો છે? **વિજય રૂપાણી** ★ સોલંકીવંશના રાજવી કુમારપાળે કોની પ્રેરણાથી જૈન ધર્મ અંગીકાર કર્યો હતો? **હેમચંદ્રાચાર્ય** ★ આર્યસમાજની સ્થાપના કોણે કરી હતી? **સ્વામી દયાનંદ સરસ્વતી** ★ હિંદ છોડો આંદોલન દરમિયાન ગુજરાત કૉલેજમાં તિરંગો લહેરાવવા જતાં કોણે શહીદી વહોરી હતી? **વિનોદ કિનારીવાલા** ★ ગ્રામ્ય કક્ષાના લોકોનો સરકારી અધિકારીઓ સાથે સંવાદ સાધીને તેઓને જરૂરી દસ્તાવેજો ઝડપથી ઈસ્યૂ કરવાનો અને વિવિધ સરકારી યોજના સંબંધી લાભાર્થીઓના પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ લાવવાની યોજના કઈ છે? **સેવા સેતુ** ★ હરિજન આશ્રમમાં હૃદયકુંજ કોનું નિવાસસ્થાન હતું? **ગાંધીજી** ★ સહજાનંદ સ્વામીનું મૂળ નામ શું હતું? **ઘનશ્યામ** ★ ભારતને આઝાદી મળ્યા બાદ સોમનાથ મંદિરનો જિર્ણોધ્ધાર કોણે કર્યો? **સરદાર વલ્લભભાઈ પટેલ** ★ 'સેવા સેતુ' કાર્યક્રમનો પ્રારંભ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ક્યાંથી કર્યો હતો? **કચ્છ, ભુજોડી** ★ ગુજરાતના પ્રથમ મહિલા મંત્રી કોણ હતા? **ઈન્દુમતીબેન શેઠ** ★ જગપ્રસિદ્ધ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના આદ્યસ્થાપક કોણ હતા? **ધીરુભાઈ અંબાણી** ★ 'બા' ના હુલામણા નામથી કોણ વિશ્વ પ્રસિદ્ધ છે? **કસ્તુરબા ગાંધી** ★ દોઢ લાખ કે તેથી ઓછી આવક મર્યાદા ધરાવતા મધ્યમ પરિવારના કુટુંબ માટે ગંભીર બીમારીઓ માટે વાર્ષિક મહત્તમ કેટલા રૂપિયા સુધીની મદદ 'મુખ્યમંત્રી અમૃતમ' યોજના હેઠળ કરવામાં આવે છે? **બે લાખ** ★ ગાંધીજીનાં માતા પિતાના નામ જણાવો. **માતા પૂતળીબાઈ અને પિતા કરમચંદ ગાંધી** ★ પોરબંદરમાં આવેલું ગાંધીજીનું મકાન કયા નામે ઓળખાય છે? **કીર્તિ મંદિર** ★ ગુજરાતમાં આદિવાસી અને હરિજનોના બાપા તરીકે કોણ ઓળખાતા? **અમૃતલાલ વિઠ્ઠલદાસ ઠક્કર (ઠક્કરબાપા)** ★ ગુજરાતના યાત્રાધામોમાં સ્વચ્છતા જળવાય તે માટે મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણીએ શાની પહેલ કરી છે? **સ્વચ્છ યાત્રાધામ** ★ પરદેશમાં સૌપ્રથમ ભારતીય રાષ્ટ્રધ્વજ ફરકાવનાર ગુજરાતી કોણ હતા? **મેડમ ભિખાઈજી કામા** ★ સશસ્ત્ર ક્રાંતિની હિમાયત કરનાર સૌપ્રથમ ગુજરાતી કોણ હતા? **શ્યામજીકૃષ્ણ વર્મા** ★


**વંચિતોના વિકાસ માટે કટિબદ્ધ સરકાર**



સામાજિક કલ્યાણ અને ઉત્કર્ષ માટે રૂા.૨,૮૫૭ કરોડ ખર્ચાશે

અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓને વિનામૂલ્યે સાઇકલઃ રૂા.૪૮ કરોડની જોગવાઈ

સૌનો સાથ સૌનો વિકાસ

**વિકાસની જ્યોતથી દરેક ઘર ઝળહળશે**

ડો.બાબાસાહેબ આંબેડકર ઉદ્યોગ ઉદય યોજનાઃ
કેન્દ્ર સરકારના સ્ટેન્ડ અપ ઈન્ડિયા કાર્યક્રમ અંતર્ગત
અનુસૂચિત જાતિ-જનજાતિના લાભાર્થીઓ માટે ખાસ પેકેજઃ
માળખાગત સુવિધાઓ માટે વધારાની સહાય



સૌનો સાથ સૌનો વિકાસ


ગુજરાત રાજયના ઉદઘાટક કોણ હતા?**રવિશંકર મહારાજ**★સોમનાથના 3D લાઈટ એન્ડ સાઉન્ડ શોમાં બોલિવુડના ક્યા સુપરસ્ટારનો અવાજ ઉમેરાયો છે? **અમિતાભ બચ્ચન**★હરિજનોના ઉત્કર્ષ માટે ગાંધીજીએ કયું વિચારપત્ર શરૂ કર્યું હતું ?**હરિજન બંધુ (ગુજરાતી)**★સ્વામી દયાનંદ સરસ્વતીનો જન્મ કયાં થયો હતો ?**ટંકારા (જિ. રાજકોટ)**★સ્વામી દયાનંદ સરસ્વતીએ રચેલા ગ્રંથનું નામ જણાવો.**સત્યાર્થપ્રકાશ**★વર્ષ ૨૦૧૭-૧૮ના બજેટમાં મુખ્યમંત્રી વિજય રૂપાણીએ MSME માટે કેટલા કરોડની જોગવાઈ કરી હતી? **૧૦૦૦ કરોડ**★નરસિંહ મહેતાની દીકરીનું નામ શું હતું? **કુંવરબાઇ**★કયા સંતે પોતાની આખી જિંદગી રકતપિત્તનાં દર્દીઓની સેવામાં વીતાવી?**સંત અમરદેવી દાસ**★મા-બાપને ભૂલશો નહિ - ભજનની રચના કોણે કરી હતી?**સંત પુનિત મહારાજ**★રાજયના અછત અને અસરગ્રસ્ત જિલ્લાના પશુધન માટે રાજ્ય સરકારે રજિસ્ટર્ડ થયેલી પાંજરાપોળ અને ગૌશાળાઓને પ્રતિદિન પશુદિઠ ૪ કિગ્રા ઘાસ કેટલા રૂપિયાના રાહતદરે આપવાનો નિર્ણય લીધો છે?**રૂ. ૨** ★સંત પુનિત મહારાજે શરૂ કરેલું કયું માસિક આજેય લોકપ્રિય છે?**જનકલ્યાણ**★નડિયાદમાં હરિ ઓમ આશ્રમ શરૂ કરનાર સંત કયા હતા? **સંત પૂજય શ્રી મોટા**★સસ્તું સાહિત્યના સ્થાપક કોણ હતા?**ભિક્ષુ અખંડાનંદ**★સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૭માં દેશના પ્રથમ ૫૦ સ્વચ્છ શહેરમાં ગુજરાતના કેટલાં શહેરોનો સમાવેશ થયો છે?**૧૨ શહેર**★સંત બોડાણાનો જન્મ કયાં થયો હતો?**ડાકોર**★નરસિંહ મહેતાનો જન્મ કયાં થયો હતો? **તળાજા**★ભકત કવયિત્રી ગંગાસતીનું વતન કયું હતું?**સમઢિયાળા (જિ. ભાવનગર)**★સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૭ અંતર્ગત સુરત શહેરને કેટલામો રાષ્ટ્રીય સ્વચ્છતા સર્વેક્ષણ ક્રમાંક પ્રાપ્ત થયો છે?**ચોથો**★ડાકોર મંદિરની સાથે કયા સંતની ભકિતકથા જોડાયેલી છે? **સંત બોડાણા**★પૂજ્ય મોટાએ લોકોને કયા મંત્રની સાધના કરવા કહ્યું હતું?**હરિ ॐ**★સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક કોણ હતા ? **સહજાનંદ સ્વામી**★રાજ્ય સરકારની મહત્વાકાંક્ષી યોજના સેવા સેતુ અંતર્ગત ફક્ત ત્રણ માસ જેટલા ટૂંકાગાળામાં કેટલી અરજીઓનો સ્થળ પર જ નીકાલ કરવામાં આવ્યો છે? **૩૫,૬૬,૩૭૦/-**★કાંકરિયા તળાવ કોણે બંધાવેલું હતું? **સુલતાન કુત્બુદીન**★અમૂલ ડેરીના સ્થાપકનું નામ જણાવો.**ત્રિભુવનદાસ પટેલ**★રણજી ટ્રોફી કોના નામ સાથે સંકળાયેલ છે?**જામ રણજીતસહિંજી** ★યુવાનોની ક્ષમતાના વિકાસનો દ્રઢ નિર્ણય કરનારી ગુજરાત સરકારે રૂ. ૮૦૦૦ની કિંમતનું ટેબલેટ કેટલા રૂપિયાની ટોકન કિંમતે આપવાનો નિર્ણય કર્યો છે?**રૂ. ૧૦૦૦**★ગાંધીજીના અંગત સચિવ કોણ હતા?**મહાદેવભાઇ દેસાઇ**★ઈ.સ. ૬૪૦માં ગુજરાતનાં પ્રવાસે કયો ચીની પ્રવાસી આવ્યો હતો? **હ્યુ-એન-ત્સંગ**★વિશ્વપ્રસિદ્ધ ગુજરાતી બિલીયર્ડ ખેલાડીનું નામ જણાવો.**ગીત શેઠી**★ગુજરાત સરકારે રૂ. ૧૦૦૦ની ટોકન કિંમતે યુવાનોને ટેબલેટ આપવાનો નિર્ણય લેતાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં આ નિર્ણયથી કેટલા વિદ્યાર્થીઓને લાભ થશે? **૩,૫૦,૦૦૦** ★ જાણીતા નાટ્યકાર જયશંકર સુંદરીનું મૂળ નામ જણાવો.**જયશંકર ભોજક**★'ચકોર' તરીકે ઓળખાતાં ગુજરાતના જાણીતા કાર્ટૂનિસ્ટનું નામ જણાવો.**બંસીલાલ વર્મા**★કયા જાણીતા ચિત્રકારે સાંસ્કૃતિક મેગેઝીન 'કુમાર'ની શરૂઆત કરી હતી?**રવિશંકર રાવળ**★ફી નિયમન કાયદા અંતર્ગત પ્રાથમિક શાળા માટે સરકારે વાર્ષિક ધોરણે મહત્તમ કેટલી ફી રાખવાનો નિર્ણય કર્યો? **રૂ. ૧૫૦૦૦** ★મહાદેવભાઇ દેસાઇનું જીવનચરિત્ર 'અગ્નિકુંડમાં ઊગેલું ગુલાબ' ના લેખક કોણ છે ?**નારાયણ દેસાઇ**★ગાંધીજીને સાઉથ આફ્રિકામાં રેલ્વેની ફર્સ્ટકલાસની ટિકિટ હોવા છતાં બિન ગોરા હોવાને નાતે ચાલુ મુસાફરીએ સામાન સાથે ટ્રેનમાંથી ધક્કો મારીને ઉતારી દેવામાં આવ્યા. એ રેલ્વે સ્ટેશન કયું હતું ?**પીટર મારિત્ઝબર્ગ**★ભારતની સૌથી મોટી સોફટવેર કંપની વિપ્રોના ચેરમેન કયા ગુજરાતી છે ?**અઝીમ પ્રેમજી**★ફી નિયમન કાયદા અંતર્ગત ઉચ્ચતર માધ્યમિક શાળા (સામાન્ય પ્રવાહ) માટે સરકારે વાર્ષિક ધોરણે મહત્તમ કેટલી ફી રાખવાનો નિર્ણય કર્યો? **રૂ. ૨૫૦૦૦** ★ગાંધી જયંતી (૨ ઓકટોબર) દુનિયાભરમાં બીજા કયા નામે ઉજવાય છે?**આંતરરાષ્ટ્રીય અહિંસા દિન**★ગુજરાતભરમાં બાળકોમાં પ્રિય એવી કાંકરિયાની બાલવાટિકાના સર્જક કોણ હતા? **રુબિન ડેવિડ**★અંબાજી તીર્થ કઇ પર્વતમાળામાં આવેલું છે? **અરવલ્લી**★ફી નિયમન કાયદા અંતર્ગત ઉચ્ચતર માધ્યમિક શાળા (વિજ્ઞાન પ્રવાહ) માટે સરકારે વાર્ષિક ધોરણે મહત્તમ કેટલી ફી રાખવાનો નિર્ણય કર્યો? **રૂ. ૨૭૦૦૦**★સાપુતારા કઇ પર્વતમાળામાં આવેલું છે? **સહ્યાદ્રિ** ★પાલીતાણાના જૈન મંદિરો કયા પર્વત પર આવેલા છે? **શેત્રુંજય**★સુરત શહેર કઇ નદીના કાંઠે વસેલું છે ? **તાપી**★ફી નિયમન કાયદાનો પ્રથમ વાર ભંગ કરનાર શાળાને કેટલા રૂપિયાનો દંડ થશે? **રૂ. પાંચ લાખ**★ગુજરાતનો સૌથી મોટો બંધ કયો છે ? **સરદાર સરોવર ડેમ**★સયાજીરાવ મ્યુઝીયમ કયાં આવેલું છે ? **વડોદરા**★સીદી સૈયદની જાળી કયાં આવેલી છે ?**અમદાવાદ**★ફી નિયમન કાયદાનો બીજી વાર ભંગ કરનાર શાળાને કેટલા રૂપિયાનો દંડ થશે? **રૂ. દસ લાખ**★



**'એક ભારત, શ્રેષ્ઠ ભારત' પહેલ અંતર્ગત ગુજરાત અને છત્તીસગઢ – બંને એકમેકના સહયોગી રાજ્યો ઘોષિત થયા છે. ગુજરાતની નવી પેઢીમાં પોતાના સહયોગી રાજ્ય પ્રત્યેની જાણકારી વધે અને 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'ના ઉદ્દેશ્યમાં આગળ વધીએ એ માટે આ પુસ્તિકામાં છત્તીસગઢની વિશેષતા જણાવતા પ્રશ્નોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. છત્તીસગઢની નવી પેઢીમાં પણ ગુજરાત રાજ્ય વિશેની જાણકારી વધે તે માટે ક્વિઝના માધ્યમથી નક્કર કાર્ય થઇ રહ્યું છે.**

ઇન્દ્રોડા પાર્ક (પ્રાણી સંગ્રહાલય) કયાં આવેલું છે? **ગાંધીનગર** ★ ગુજરાતમાં અક્ષરધામ મંદિર કયાં આવેલું છે? **ગાંધીનગર** ★ ઉકાઇ બંધ કયાં આવેલો છે ? **સુરત** ★ ફી નિયમન કાયદાનો ત્રીજી વાર ભંગ કરનાર શાળા પરત્વે કયું પગલું લેવામાં આવશે? **માન્યતા રદ થશે** ★ ગુજરાતમાં ડાયનોસોરનાં ઈંડાં કયાંથી મળી આવ્યા છે? **રૈયાલી** ★ ગુજરાતમાં કઇ જગ્યાએ સરદાર સરોવર આવેલું છે ? **કેવડિયા કોલોની** ★ વિશ્વપ્રસિદ્ધ કાળિયાર પાર્ક ગુજરાતમાં કયાં આવેલું છે ? **વેળાવદર** ★ ફી નિયમન કાયદા અંતર્ગત નિયત થયેલ ફી કરતાં વધુ લીધેલ ફી કેટલા દિવસમાં પરત કરવાની રહેશે? **૧૫ દિવસ** ★ ગુજરાતમાં કયા સ્થળે સાત નદીઓનો સંગમ થાય છે? **વૌઠા** ★ ભરૂચ શહેર કઇ નદીના કિનારે વસેલું છે? **નર્મદા** ★ ગુજરાતનાં મધ્યભાગમાંથી કયું વૃત્ત પસાર થાય છે? **કર્કવૃત્ત** ★ દારૂબંધીના કડક અમલ માટે ગુજરાત સરકારે દારૂ પીનારા, વેચનારા, સંગ્રહ કરનારા કે હેરફેર કરનારા માટે સજાની જોગવાઈ ૩ વર્ષથી વધારીને કેટલા વર્ષ કરી નાંખી છે? **૧૦ વર્ષ** ★ ઉદવાડામાં આવેલી કઇ અગિયારી જોવાલાયક છે ? **પવિત્ર ઈરાનશો ફાયર ટેમ્પલ** ★ ગુજરાતના કયા મેળામાં ઊંટોનું વેચાણ થાય છે ? **કાત્યોક** ★ ગુજરાતનાં કયાં નગરોમાં શિયાળામાં સૌથી વધુ ઠંડી અને ઊનાળામાં સૌથી વધુ ગરમી પડે છે ? **ઠંડી-નલિયા અને ગરમી-ડીસા** ★ દારૂબંધીના કડક અમલ માટે ગુજરાત સરકારે દારૂ પીનારા, વેચનારા, સંગ્રહ કરનારા કે હેરફેર કરનારા માટે ૫ વર્ષની સજાની જોગવાઈ સાથે કેટલા રૂપિયાના દંડની જોગવાઈ પણ કરી છે? **રૂ. પાંચ લાખ** ★ ગુજરાત રાજયનો કયો પ્રદેશ 'ગુજરાતના બગીચા' તરીકે ઓળખાય છે ? **મધ્ય ગુજરાત** ★ ગુજરાતના પ્રસિધ્ધ ઘઉંની જાતિનું નામ જણાવો. **ભાલીયા** ★ ભાવનગરના કયા ધરામાંથી દુષ્કાળમાં પણ પાણી ખૂટતું નથી ? **તાતણીયો ધરો** ★ દારૂબંધીના કડક અમલીકરણ માટે રાજ્ય સરકારે ગુનેગારોને નાસી જવામાં મદદ કરનારા અધિકારીને કેટલા વર્ષની કેદની જોગવાઈ કરી છે? **સાત વર્ષ** ★ વિશાળ હમીરસર તળાવ કયાં આવેલું છે? **ભૂજ** ★ દૂધસાગર ડેરી કયાં આવેલી છે? **મહેસાણા** ★ નેશનલ ડેરી ડેવલપમેન્ટ કોર્પોરેશનનું વડુ મથક કયાં છે ? **આણંદ** ★ ગૌહત્યા રોકવા રાજ્ય સરકારે પશુ સંરક્ષણ નિયમમાં સુધારો કરી ગૌહત્યા કરનાર કે ગૌમાંસની હેરફેર કરનારને કેટલા વર્ષની કેદની સજાની જોગવાઈ કરી છે? **૭થી ૧૦ વર્ષ** ★ ભારતમાં બે જુદી - જુદી નદીના નીર એકત્રિત કરવાનું કાર્ય સૌ પ્રથમ કયા રાજ્યએ કર્યું છે? **ગુજરાત** ★ ગુજરાતમાં દીપડા અને સાબર માટે કયું અભયારણ્ય છે? **બરડીપાડા (જિ. ડાંગ)** ★ રીંછ માટે ગુજરાતમાં કયા સ્થળે અભયારણ્ય બનાવવામાં આવ્યું છે ? **રતનમહાલ** ★ ગૌહત્યા રોકવા રાજ્ય સરકારે પશુ સંરક્ષણ નિયમમાં સુધારો કરી ગૌહત્યા કરનાર કે ગૌમાંસની હેરફેર કરનારને કેટલા રૂપિયાના દંડની જોગવાઈ કરી છે? **ઓછામાં ઓછા એક લાખ રૂપિયા** ★ ગુજરાતમાં સૌથી ઊંચુ શિખર કયું છે? **ગોરખનાથનું શિખર-ગિરનાર** ★ ગુજરાતનું સૌથી મોટું રેલ્વે સ્ટેશન કયું છે? **અમદાવાદ** ★ ગુજરાતની સરહદ કયા દેશને સ્પર્શે છે? **પાકિસ્તાન** ★ વર્ષ ૨૦૧૭માં ગુજરાત સરકારે કેટલી નવી મેડિકલ કૉલેજ ખોલવા માટેની મંજૂરી આપી છે? **સાત** ★ ઇસબગુલનું સૌથી વધુ ઉત્પાદન કયા જિલ્લામાં થાય છે ? **મહેસાણા** ★ ગુજરાતનું સૌપ્રથમ નેચર એજયુકેશન સેન્ટર કયાં છે ? **હિંગોળગઢ** ★ ગુજરાતમાં કુલ કેટલી મોટી નદીઓ આવેલી છે ? **સાત** ★ વર્ષ ૨૦૧૭માં ગુજરાત સરકારે સાત નવી મેડિકલ કૉલેજ ખોલવા માટેની મંજૂરી આપી દેતાં એમબીબીએસની કેટલી બેઠકો વધશે? **૧૦૫૦** ★ ગુજરાતનું સૌથી મોટું 'કૃત્રિમ સરોવર' કયું છે? **સરદાર સરોવર** ★ ગુજરાતની સૌથી મોટી સિંચાઇ યોજના કઇ છે? **સરદાર સરોવર નર્મદા યોજના** ★ ગુજરાતનું સૌથી મોટું ખાતરનું કારખાનું કયું છે? **ગુજરાત નર્મદાવેલી ફર્ટીલાઇઝર કંપની** ★ મુખ્યમંત્રી વિજય રૂપાણીએ PESA નિયમો-૨૦૧૭નું અમલીકરણ ક્યાંથી કરાવ્યું હતું? **છોટા ઉદેપુર** ★ ગુજરાતનું સૌથી મોટું બંદર કયું છે ? **કંડલા** ★ ગુજરાતમાં આવેલી એશિયાની સૌથી મોટી હોસ્પિટલ કઇ છે ? **સિવિલ હોસ્પિટલ-અમદાવાદ** ★ ગુજરાત નજીક કયો સમુદ્ર છે ? **અરબી સમુદ્ર** ★ PESA નિયમો-૨૦૧૭ના અમલીકરણથી કોને લાભ થશે? **આદિજાતિ-વનબંધુઓને** ★ ગુજરાતની સૌથી મોટી નદી કઇ છે ? **નર્મદા** ★ પ્રથમ ગુજરાતી વડાપ્રધાન કોણ હતા ? **મોરારજી દેસાઈ** ★ ગુજરાતમાં સૌથી વધુ વરસાદ કયાં પડે છે ? **ડાંગ** ★ PESA નિયમો-૨૦૧૭ અંતર્ગત રાજ્ય સરકારે આદિવાસી વિસ્તારોમાં શું શરૂ કરવાનો નિર્ણય લીધો છે? **મેડિકલ કૉલેજો** ★ વિશ્વપ્રસિદ્ધ પટોળા ગુજરાતમાં કયાં બને છે? **પાટણ** ★ કવિ નર્મદને કયું બિરુદ આપવામાં આવ્યું છે ? **વીર** ★


**નર્મદા યોજનાથી ગુજરાત બન્યું નંદનવન**




સરદાર સરોવર ડેમના બંધ થયા દરવાજા ગુજરાતના વિકાસના ખૂલ્યા નવા દરવાજા

**ચાર કરોડ** ગુજરાતીઓને મળ્યું પીવાનું શુદ્ધ નર્મદાજળ

ગુજરાતની જીવાદોરી નર્મદા યોજનાના વર્ષો જૂના પ્રશ્નોનો ત્વરીત ઉકેલ

સરદાર સાહેબનું **નર્મદા બંધનું સ્વપ્ન થયું સાકાર**
ગુજરાતમાં ખૂલ્યાં સમૃદ્ધિનાં દ્વાર



ગુજરાતના કયા કવિને રાષ્ટ્રીય શાયરનું બિરૂદ મળ્યું છે? **ઝવેરચંદ મેઘાણી** ★કેટલા એકરથી મોટા સરવે નંબરમાં ખેડૂતો બીજું વીજજોડાણ મેળવી શકશે?**આઠ એકર** ★ચાંપાનેરની ઐતિહાસિક સાઈટ્સને યુનેસ્કોએ કેવી જાહેર કરી છે?**વર્લ્ડ હેરીટેજ સાઈટ** ★જૈનોનાં પવિત્રધામ પાલિતાણામાં કેટલાં દેરાસરો છે ?**૮૬૩**★વિસ્તારની દૃષ્ટિએ ગુજરાતનો સૌથી મોટો જિલ્લો કયો છે ?**કચ્છ** ★ગુજરાત સરકારે ક્યારથી સાતમું પગારપંચ લાગુ કરવાનો નિર્ણય લીધો છે?**૧ જાન્યુઆરી, ૨૦૧૬**★એશિયામાં સૌપ્રથમ ફરતી રેસ્ટોરન્ટ કયાં નિર્માણ પામી છે?**સુરત** ★સિધ્ધપુરનું પ્રાચીન નામ શું હતું ?**શ્રીસ્થલ** ★એક માન્યતા પ્રમાણે તાપી નદી કયા દેવતાની પુત્રી કહેવાય છે?**સૂર્ય** ★ગુજરાત સરકારે સાતમું પગારપંચ લાગુ કરવાનો નિર્ણય લેતા રાજય સરકારના કુલ કેટલાં કર્મચારીઓને લાભ મળશે?**૮.૭૭ લાખ**★અમદાવાદમાં ગાંધીજીએ સૌપ્રથમ આશ્રમ કયાં સ્થાપ્યો?**કોચરબ આશ્રમ** ★ગુજરાતમાં આવનારી પ્રથમ યુરોપિયન સત્તા કઇ હતી?**પોર્ટુગીઝ** ★ગુજરાતનાં કયા શહેર પર પોર્ટુગીઝ શાસન હતું?**દીવ** ★ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતો અને પશુપાલકોને ઢોર બાંધવાના વાડા નોંધાયેલા ખાતેદારોના નામે પ્રતિ ચો. મીટરે કેટલી કિંમત વસૂલીને નામે કરી આપવામાં આવશે?**રૂ. ૫૦**★'બારડોલી સત્યાગ્રહ' કઇ સાલમાં થયો હતો?**૧૯૨૮**★'અસહકાર' ચળવળનો આરંભ કઇ સાલમાં થયો હતો?**૧૯૨૦**★વલ્લભભાઇ પટેલને 'સરદાર'નું બિરૂદ કયા સત્યાગ્રહની સફળતાપૂર્વક આગેવાની કરવા બદલ મળ્યું હતું?**બારડોલી સત્યાગ્રહ**★ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતો અને પશુપાલકોને ઢોર બાંધવાના વાડા કયો વિભાગ નજીવી કિંમતે નોંધાયેલા ખાતેદારોને નામે કરી આપશે?**મહેસૂલ વિભાગ દ્વારા**★માઢેરાનું સૂર્યમંદિર કોણે બનાવડાવ્યું?**ભીમદેવ પહેલો** ★ગાંધીજીને 'બાપુ'નું બિરૂદ કયા સત્યાગ્રહ દરમિયાન મળ્યું?**ચંપારણ સત્યાગ્રહ** ★ગુજરાત રાજયની સ્થાપના પછી કયું શહેર પાટનગર બન્યું?**અમદાવાદ** ★રાજયના મહેસૂલ વિભાગ દ્વારા પ્રતિ ચો. મીટરે રૂપિયા ૫૦માં વાડા નિયમિત કરી આપવાની પહેલ કોને લાભ કરાવશે?**ખેડૂતો અને પશુપાલકોને** ★વડોદરા રાજયમાં કયા મરાઠા રાજવીઓનું શાસન હતું? **ગાયકવાડ** ★આબુમાં આદિનાથનું આરસમંદિર કોણે બંધાવ્યુ હતું? **વિમલ મંત્રી** ★સોલંકી વંશનો સૌથી વધુ પરાક્રમી, હિંમતવાન અને મુત્સદ્દી રાજવી કોણ હતો?**સિદ્ધરાજ જયસિંહ** ★રાજયના વરિષ્ઠ નાગરીકોને રાહત દરે તીર્થસ્થાનોની યાત્રા કરાવે તે યોજના કંઈ છે?**શ્રવણ તીર્થ દર્શન યોજના**★ગુજરાતનું કયું શહેર 'મક્કાનું પ્રવેશદ્વાર' ગણાતું હતું?**સુરત** ★ઇ.સ. ૧૯૧૯માં કયા એકટ વિરુદ્ધ ગુજરાતમાં હડતાળ પડી હતી? **રોલેટ એકટ** ★ગાંધીજીએ દાંડીકૂચ કયા અન્યાયી કાયદાના ભંગ કરવાના આશયથી કરી હતી? **મીઠાના કર** ★શ્રવણ તીર્થ દર્શન યોજના અંતર્ગત લાભ લેનારાં નાગરિકોની ઉંમર કેટલી હોવી જોઈએ?**૬૦ વર્ષ કે તેથી વધુ**★નારાયણ સરોવરની પાસે કયું જૈન તીર્થ આવેલું છે?**શંખેશ્વર** ★ભીલોના ઊત્કર્ષ માટે ૧૯૨૨માં 'ભીલ સેવા મંડળ'ની સ્થાપના કોણે કરી હતી?**ઠક્કરબાપા** ★ગાંધીજીનો જન્મ કયાં અને કયારે થયો હતો? **૨ ઓકટોબર ૧૮૬૯, પોરબંદર** ★સોલાર પાવર રૂફટોપ યોજના અંતર્ગત રાજયના કેટલાં ઘરોને આવરી લેવાનો અંદાજ છે?**એક લાખ ઘર**★'તમે ભલે દૂબળાં હો, પણ કાળજું વાઘ અને સિંહનું રાખો' એવું કહેનાર નેતા કોણ હતાં? **સરદાર વલ્લભભાઇ પટેલ** ★ગાંધીજીનો નિર્વાણ દિન કયો છે?**૩૦ જાન્યુઆરી ૧૯૪૮** ★સમાજ સેવક અને દેશભકત શ્રી. રવિશંકર મહારાજને કયું ઉપનામ આપ્યું હતું?**મૂઠી ઉંચેરો માનવી** ★સોલાર પાવર રૂફટોપ યોજના અંતર્ગત સિસ્ટમની ન્યૂનત્તમ ક્ષમતા કેટલી હોવી જોઈએ?**એક કિલોવોટ**★ગુજરાત માટે 'ગુર્જર દેશ' એ શબ્દ પ્રયોગ કયા શાસકના સમયમાં શરુ થયો?**મૂળરાજ સોલંકી**★'મૂનસર' તળાવ કોણે બંધાવેલું?**મીનળદેવી** ★હેમચંદ્રાચાર્યનું જન્મસ્થળ કયું છે?**ધંધૂકા** ★સોલાર પાવર રૂફટોપ યોજના અંતર્ગત રાજ્ય સરકાર મહત્તમ સબસિડી કેટલી મળે છે? **રૂપિયા ૨૦,૦૦૦** ★હેમચંદ્રાચાર્યનું સાંસારિક નામ શું હતું?**ચાંગદેવ**★ગુજરાતના ઈતિહાસમાં કયા કાળને સુવર્ણકાળ કહેવામાં આવે છે?**સોલંકી કાળ** ★અમદાવાદમાં પતંગ મ્યુઝીયમ કયાં આવેલું છે?**ટાગોર હોલ, પાલડી** ★રાજ્યની પ્રથમ મહિલા જીઆઈડીસી કયા શહેરમાં કાર્યરત થઈ છે? **સાણંદ**★કવિ અખો અમદાવાદમાં કયાં રહેતા હતા?**દેસાઈની પોળ, ખાડિયા** ★હાલનું વડનગર પ્રાચીનકાળમાં કયા નામે ઓળખાતું હતું? **આનર્તપુર** ★કયો મોગલ રાજા ગુજરાતને હિંદનું આભૂષણ માનતો હતો? **ઔરંગઝેબ**★બીજા તબક્કામાં પહોંચેલાં સાબરમતી રિવરફ્રન્ટના કાર્યમાં અંદાજિત કેટલો ખર્ચ થવાનો છે?**રૂપિયા ૩૫૦ કરોડ** ★


**હવે માંદગીથી કોઈનું બજેટ નહીં ખોરવાય**



રાજ્યભરમાં પંડિત દીનદયાલ પ્રધાનમંત્રી સસ્તી દવાના **૧૩૨ સ્ટોર્સ** કાર્યરત

સસ્તી દવાના વધુ **૫૦૦** સ્ટોર્સ ખોલવાનું આયોજન

સૌનો સાથ સૌનો વિકાસ

**સૌને સસ્તા દરે શ્રેષ્ઠ દવા મેળવવાનો અધિકાર છે**

મોંઘીદાટ દવાઓ હવે મળશે **૪૦થી ૮૦ ટકા** જેટલા સસ્તા દરે અને તે પણ ગુણવત્તાની બાંયધરી સાથે

સૌનો સાથ સૌનો વિકાસ



હેમચંદ્રાચાર્ય રચિત સિદ્ધહેમ કઇ ભાષામાં રચાયેલ?**પ્રાકૃત** ★'ન્યાય જોવા હોય તો મલાવ તળાવ જુઓ' આ મલાવ તળાવ કયા શહેરમાં આવેલું છે?**ધોળકા**★ઈસ્ટ ઈન્ડિયા કંપની પ્રથમ વખત સુરતમાં આવી ત્યારે ગુજરાત પર કોનું રાજ હતું?**જહાંગીર** ★દરેક નાગરિકનું ઘરનું ઘર હોય તે સપનું સાકાર કરતી પ્રધાનમંત્રી આવાસ યોજનાનો પ્રારંભ રાજ્યના કયા શહેરથી અમલી બન્યો છે?**આણંદથી**★ગુજરાતમાં રેલ્વેની શરુઆત ક્યારે થઈ?**૧૮૫૫**★ટેલિવિઝનનો ગુજરાતમાં પ્રારંભ ક્યારે થયો?**૧૫ ઑગષ્ટ, ૧૯૭૫** ★ગુજરાત રાજ્યમાં હાલમાં કેટલા જિલ્લાઓ છે? **૩૩**★પેસા એક્ટ અંતર્ગત 'જંગલપેદાશના અધિકારો આદિજાતિના હાથમાં' એ ખ્યાલનો અમલ રાજ્યના કેટલાં આદિજાતિ તાલુકાઓમાં થવાનો છે?**૫૦**★ગુજરાતમાં પારસીઓને આશ્રય આપનાર રાજાનું નામ જણાવો. **જાદી રાણા** ★મોઢેરાનું સૂર્યમંદિર કયા રાજાના શાસનકાળ દરમ્યાન બાંધવામાં આવ્યું હતું ?**રાજા ભીમદેવ પહેલો** ★લોથલ લગભગ કેટલા વર્ષ પહેલાનું બંદર હશે એમ મનાય છે ? **આશરે ૪૦૦૦ વર્ષ પૂર્વેનું** ★નર્મદા યોજનાની પૂર્ણાહૂતિ માટે મહત્વની પહેલ કહેવાય તે માટે ત્રીસ દરવાજા બંધ કરવાની મંજૂરી કોણે આપી છે?**નર્મદા કન્ટ્રોલ ઓથોરિટી** ★પારસીઓ ગુજરાતના કયા બંદર પર આવ્યા હતા?**સંજાણ બંદર** ★કાંકરિયા તળાવના મધ્યે આવેલી નગીનાવાડી બનાવવાનું પ્રયોજન શું હતું?**સુલતાનોનું ગ્રીષ્મકાલિન નિવાસસ્થાન** ★બનાસ નદીનું પ્રાચીન નામ શું છે ?**પર્ણાશા** ★નર્મદા કન્ટ્રોલ ઓથોરિટીએ નર્મદા બંધના ત્રીસ દરવાજા બંધ કરવાની મંજૂરી ક્યારે આપી?**૧૬ જૂન, ૨૦૧૭**★દાંડી કૂચની શરૂઆત ક્યારે થઇ હતી?**૧૨ માર્ચ - ૧૯૩૦** ★ગુજરાતનું પાટનગર કયું છે?**ગાંધીનગર**★ગુજરાતનું કયું શહેર સૌથી વધુ વસતી ધરાવે છે?**અમદાવાદ**★વર્ષ ૨૦૧૭માં વિશ્વયોગ દિવસની ઊજવણી રાજય દ્વારા કયા શહેરમાં થઈ હતી?**અમદાવાદ ખાતે**★ગુજરાતનો કયો જિલ્લો વિસ્તારની દૃષ્ટિએ ભારતભરમાં સૌથી મોટો ગણાય છે?**કચ્છ**★વિસ્તારની દૃષ્ટિએ ગુજરાત ભારતમાં કયા સ્થાને આવે છે?**પાંચમા**★ગુજરાત રાજયની મુખ્ય ભાષા કઇ છે? **ગુજરાતી** ★ગાંધીજીના જીવનકવન અને સત્યાગ્રહ સાથે જોડાયેલાં સ્થળોનો પ્રવાસ કરાવતી કઈ ટ્રેન રેલવે વિભાગ દ્વારા શરૂ કરવામાં આવી છે? **ગાંધી દર્શન ટ્રેન**★ગુજરાતનો કયો જિલ્લો સૌથી લાંબો દરિયાકાંઠો ધરાવે છે?**જામનગર** ★ગુજરાત દેશમાં કઈ દિશાએ આવેલું છે? **પશ્ચિમ**★ગુજરાતના કુલ કેટલા કિ.મી. વિસ્તાર પથરાયેલું છે?**આશરે ૨૭,૦૦૦ ચો. કિમી.**★ખેડૂ ખાનગી માલિકીમાં આવેલાં કેટલાં જાતનાં વૃક્ષોને કાપવા માટે પરવાનગીમાંથી સરકારે મુક્તિ આપી છે?**૮૬ જાતનાં** ★સાપુતારા શબ્દનો શો અર્થ થાય છે?**સાપોનું નિવાસસ્થાન** ★ગુજરાતની કઈ ત્રણ નદીઓ અંતસ્થઃ ગણાય છે?**સરસ્વતી, બનાસ અને રૂપેણ**★કચ્છ જિલ્લામાં કયું રણ આવેલું છે?**થરપારકરનું રણ** ★ગુજરાતના કયા વિસ્તારમાં શિયાળા દરમિયાન સૌથી ઓછું તાપમાન નોંધાય છે? **નલિયા** ★અડાલજનું પ્રાચીન નામ શું છે? **ગઢ પાટણ** ★ગુજરાતના જાણીતા ઉદ્યોગપતિ ધીરુભાઇ અંબાણી કયાંના મૂળ નિવાસી હતા?**ચોરવાડ**★વનપેદાશોના સંગ્રહ અને વેચાણના હક્કો આદિવાસી બાંધવોને આપતો કયો અધિનિયમ અમલી બનાવવામાં આવ્યો છે?**પેસા**★ગુજરાતનું સૌથી મોટું મંદિર કયું છે?**અક્ષરધામ મંદિર, ગાંધીનગર**★પ્રાચીનકાળમાં ગુજરાતનું કયું બંદર મરી-મસાલા અને રેશમના વ્યાપાર માટેનું જાણીતું હતું? **ભરૂચ** ★ ગુજરાતનો કયો જિલ્લો વિશ્વની સૌથી મોટી ફ્લેમિંગો વસાહત માટે જાણીતો છે?**કચ્છ**★દેશના કરમાળખામાં આમૂલ પરિવર્તન લાવનારું જીએસટી બીલ ક્યારથી અમલી બન્યું છે?**૧, જુલાઈ ૨૧૦૭**★ડચ લોકોએ ગુજરાતમાં કઇ સાલમાં વ્યાપારી થાણું સ્થાપ્યું હતું?**ઈ.સ. ૧૬૦૬**★ફ્રેંચ લોકોએ ગુજરાતમાં કઇ સાલમાં વ્યાપારી થાણું સ્થાપ્યું હતું?**ઈ.સ. ૧૬૬૮** ★અસુરોના સંહાર માટે વસિષ્ઠ મુનિએ કયા પર્વત પર યજ્ઞ કર્યો હતો? **અર્બુદક પર્વત** ★ટ્રાન્સસ્ટેડિયા સ્ટેડિયમનું લોકાર્પણ કયા શહેરમાં થયું? **અમદાવાદ**★કચ્છના રળિયામણા રણમાં કઇ પૂર્ણિમાની રાત્રે ઉત્સવ ઊજવવામાં આવે છે? **શરદ પૂર્ણિમા** ★હડપ્પીય સભ્યતાની સાઈટ ધોળાવીરા કઇ સાલમાં શોધાઇ હતી? **ઈ.સ. ૧૯૬૭** ★શિયાળામાં અમદાવાદ જિલ્લાના કયા સ્થળે ૨૦૦થી વધારે જાતિના વિદેશી પક્ષીઓ સૌનું આકર્ષણનું કેન્દ્ર બને છે?**નળ સરોવર**★યુનેસ્કો દ્વારા દેશમાં પ્રથમ હેરિટેજ સિટી તરીકે કયા શહેરની પસંદગી કરવામાં આવી છે? **અમદાવાદ** ★ગુજરાત રાજયનો કયો વિસ્તાર ગીચ જંગલો, વિવિધ જાતિના વન્યજીવો, આદિવાસી સંસ્કૃતિ તેમજ અદભૂત કુદરતી સાદર્યને કારણે અન્ય પ્રદેશો કરતાં અલગ તરી આવે છે?**ડાંગ**★તારંગા કયા ધર્મનું જાણીતું તીર્થસ્થળ છે?**જૈન**★


**આંતરિક સુરક્ષા અને સેવામાં અગ્રેસર ગુજરાત**



ફરજભથ્થામાં ૫૦%ના વધારા સાથે ગુજરાતના હોમગાર્ડ્સને પ્રોત્સાહન | ૫૦ હજારથી વધુ પુરુષ/મહિલા હોમગાર્ડ્સને મળશે લાભ

સૌનો સાથ સૌનો વિકાસ

**હોમગાર્ડ્સ દળમાં જોડાઇને રાષ્ટ્રની સેવા કરવાનો લ્હાવો મેળવો**

કાયદો વ્યવસ્થાની જાળવણી, ટ્રાફિક નિયમન, કુદરતી અને માનવસર્જિત આપત્તિ સમયે જનતાની સેવા કરવા તત્પર

**હોમગાર્ડ્સની કદર કરવી એ સમાજની ફરજ છે**



સૌનો સાથ સૌનો વિકાસ

કયો હિંદુ તહેવાર અંગ્રેજી તારીખ મુજબ ઉજવાય છે?**ઉત્તરાયણ**★સૌની યોજના અંતર્ગત રાજકોટના આજી ડેમમાં કયા નદીના નીર પહોંચ્યા છે?**નર્મદા**★કાળો ડુંગર ગુજરાતમાં કયાં આવેલો છે?**કચ્છ**★દ્વારકાધીશ મંદિરની ધજા દિવસમાં કેટલી વાર બદલવામાં આવે છે?**ત્રણ**★મહાત્મા ગાંધીએ સાબરમતી આશ્રમની સ્થાપના કયારે કરી હતી?**ઈ.સ. ૧૯૧૭**★વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ઉપસ્થિતિમાં દિવ્યાંગોને સૌથી વધુ સાધન સહાય વિતરણનો ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ કયા શહેરમાં નોંધાયો છે?**રાજકોટમાં**★જામનગરમાં આવેલા કયા કિલ્લાને સંગ્રહાલયમાં પરિવર્તિત કરવામાં આવ્યો છે?**લાખોટા ફોર્ટ**★મહારાજા ફતેહસિંહ મ્યુઝિયમ કયા શહેરમાં આવેલું છે?**વડોદરા**★ગિરનાર પર્વતને કેટલાં પગથિયાં છે?**૪૦૦૦**★રાજકોટમાં દિવ્યાંગોને સૌથી વધુ સાધન સહાય વિતરણનો ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં કેટલાં દિવ્યાંગો લાભાર્થી બન્યા છે?**૧૮,૫૧૫**★ગિરનાર પર્વત પર મલ્લીનાથનું સુપ્રસિદ્ધ મંદિર કોણે બંધાવ્યું હતું?**વસ્તુપાલ-તેજપાલ**★પાવાગઢમાંથી નીકળતી એક મહત્ત્વની નદીનું નામ કયા ઋષિના નામ પરથી પડ્યું છે? **વિશ્વામિત્ર**★ગાંધીજી હરિજન આશ્રમમાં કેટલો સમય રહ્યા હતા?**૧૩ વર્ષ**★વર્ષ ૨૦૧૭માં ભારતના પ્રથમ મેગા ટેક્સટાઈલ્સ ટ્રેડ ફેરનું આયોજન ગુજરાતના કયા શહેરમાં થયું હતું?**ગાંધીનગર**★વડોદરા શહેરમાંથી કઈ નદી વહે છે?**વિશ્વામિત્રી**★ગુજરાતના સૌથી ઊંચા શિખર ગોરખનાથની ઊંચાઇ કેટલી છે?**૩૬૬૬ ફૂટ**★રાજકોટ જિલ્લામાં આવેલા જસદણ નજીક કયો ઐતિહાસિક કિલ્લો આવેલો છે? **હિંગોળગઢ**★રાજ્યમાં આવેલી જેલના કેદીઓમાં દૈનિક વેતનમાં કેટલો વધારો કરવામાં આવ્યો છે?**બમણો**★હડપ્પીય સંસ્કૃતિનો ઉદય ગુજરાતમાં ક્યારે થયો હતો?**ઈ.સ. પૂર્વે ૨૪૦૦**★ખેતીવાડીનાં ઓજારો માટે ગુજરાતનું સૌથી જાણીતું સ્થળ કયું છે?**રાજકોટ**★ગીરા ધોધ કયા જિલ્લામાં આવેલો છે?**ડાંગ**★ગુજરાતનું કયું શહેર પૂર્વના દેશોનું માન્ચેસ્ટર તરીકે ઓળખાતું?**અમદાવાદ**★પોરબંદર જિલ્લાના કયા ગામમાં શ્રીકૃષ્ણ, બલરામ અને રુકિમણીજીનું પ્રાચીન મંદિર આવેલું છે?**માધવપુર**★ઈ.સ. ૧૯૩૦માં અમદાવાદથી કેટલા કિ.મી. ચાલીને દાંડીકૂચ કરવામાં આવી હતી?**૩૮૫ કિ.મી.**★વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ - ૨૦૧૭માં દેશ-વિદેશની કુલ કેટલી કંપનીઓએ ભાગ લીધો હતો? **અંદાજે ૧૫૦૦**★ગાંધીજીએ રાજકોટની કઇ શાળામાં અભ્યાસ કર્યો હતો?**સર આલ્ફ્રેડ હાઈસ્કૂલ**★અમદાવાદનું કાંકરીયા તળાવ કેટલી બાજુઓ ધરાવે છે?**૩૪**★એશિયાનું સૌથી મોટું ઓપન એર થિયેટર કયાં આવેલું છે?**અમદાવાદ (ડ્રાઈવ ઈન સિનેમા)**★ભારતના સર્વપ્રથમ ઇન્ટરનેશનલ એક્સચેન્જનો પ્રારંભ ક્યાં થયો છે? **ગિફ્ટ સિટી, ગાંધીનગર**★અમદાવાદમાં સૌપ્રથમ થિયેટરની સ્થાપના કોણે કરી હતી?**ડાહ્યાભાઇ ઝવેરી**★ગુજરાતના ગૌરવસમા જમશેદજી તાતા અને દાદાભાઇ નવરોજીનું જન્મસ્થળ કયું છે?**નવસારી**★ઇ.સ. ૧૮૪૪માં બ્રિટીશ ન્યાયતંત્રમાં જોડાનારા સૌપ્રથમ ગુજરાતી કોણ હતા?**ભોળાનાથ સારાભાઈ**★વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ - ૨૦૧૭માં કૌશલ્ય વિકાસ ક્ષેત્રે કેટલાં કરોડના MoU થયા હતાં?**૨,૧૧૦ કરોડથી વધુ**★વરાળથી ચાલતા સૉ જીનની શરૂઆત અમદાવાદમાં સૌપ્રથમ કોણે કરી?**ત્રિભુવન શેઠ**★અમદાવાદ-મુંબઇને જોડતી ટેલિફોન લાઈન સૌપ્રથમ કઇ સાલમાં નાંખવામાં આવી?**ઈ.સ.૧૮૫૦**★ગુજરાતનું સૌથી મોટું સરોવર નળ સરોવર કેટલા વિસ્તારમાં ફેલાયેલું છે?**૧૮૬ ચો. કિ.મી.**★દક્ષિણ ગુજરાતના કયા જિલ્લામાં ટ્રાયબલ મ્યુઝિયમ નિર્માણ થવાનું છે?**નર્મદા**★ભારતીય અવકાશ સંશોધનના પિતા કોણ છે? **ડૉ. વિક્રમ સારાભાઈ**★ગુજરાતની પ્રથમ મહિલા અવકાશયાત્રીનું નામ જણાવો. **સુનિતા વિલિયમ્સ**★આઈન્સ્ટાઈનના સાપેક્ષવાદના સિદ્ધાંત પર સંશોધન કાર્ય કરનાર ગુજરાતી ગણિતજ્ઞનું નામ જણાવો.**ડૉ. પી.સી. વૈદ્ય**★વર્ષ ૨૦૧૭માં કચ્છના કયા ડેમમાં નર્મદા નીર વહેવા લાગ્યા છે?**ટપ્પર**★વૈજ્ઞાનિક સંશોધન ક્ષેત્રે ઉત્કૃષ્ટ પ્રદાન કરનાર સંશોધકોને કયા એવૉર્ડથી નવાજવામાં આવે છે? **ડૉ. વિક્રમ સારાભાઈ એવૉર્ડ**★ગુજરાતનું સૌ પ્રથમ ૩-ડી થિયેટર કયાં આવેલું છે ?**સાયન્સ સીટી-અમદાવાદ**★અમદાવાદમાં આવેલા આંતરરાષ્ટ્રીય કક્ષાના ક્રિકેટ સ્ટેડિયમનું નામ શું છે ?**મોટેરા સ્ટેડિયમ**★ગુજરાતના કયા મહત્વના બંદરને વિકસાવવાનો પ્રારંભ વર્ષ ૨૦૧૭માં થયો છે?**કંડલા**★ગુજરાત ક્રિકેટ એસોસિએશન(જીસીએ)નું મુખ્ય મથક કયાં આવેલું છે? **અમદાવાદ**★ગુજરાતના કયા શહેરમાં સચિન તેંડુલકરે પોતાની આંતરરાષ્ટ્રીય ક્રિકેટનાં ૩૦,૦૦૦ રન પૂરા કર્યા? **અમદાવાદ**★ભકત કવિયત્રી મીરાં કઈ સાલમાં ગુજરાતની દ્વારિકા નગરીમાં આવીને વસ્યાં હતાં? **ઈ.સ.૧૫૩૭**★આફ્રિકન ડેવલપમેન્ટ બેન્કની બાવનમી વાર્ષિક બેઠકની યજમાની કયા શહેરે કરી હતી?**ગાંધીનગર**★


પ્રધાનમંત્રી આવાસ યોજનાના અમલમાં ગુજરાત અગ્રેસર




શહેરી વિસ્તારના **૨ લાખથી વધુ** | ગ્રામીણ વિસ્તારના **૩.૨૦ લાખથી વધુ**

ગરીબ અને મધ્યમવર્ગના લોકોને વ્યાજબી કિંમતે મળશે પોતીકું ઘર

સૌનો સાથ સૌનો વિકાસ

સૌ કોઇને ઘરનું ઘર મળે તે માટે સરકાર કટિબદ્ધ છે

૨૦૨૨ સુધી પ્રત્યેક ગરીબને ઘરનું ઘર મળે તે માટે અભૂતપૂર્વ નાણાંકીય સહાય




સૌનો સાથ સૌનો વિકાસ

'હરિનો માર્ગ છે શૂરાનો' - પદરચના કોની છે?**કવિ પ્રીતમદાસ**★જયાં સુધી ગુજરાતી ભાષાને ગૌરવ નહી મળે ત્યાં સુધી પાઘડી નહી પહેરું. - આવી પ્રતિજ્ઞા કોણે લીધી હતી?**મહા કવિ પ્રેમાનંદ**★મહાકવિ પ્રેમાનંદનો મુખ્ય વ્યવસાય શું હતો?**માણભટ્ટ**★આ વર્ષે ગુજરાત પોલીસ દળમાં એક સાથે ઐતિહાસિક કહી શકાય તેવી કેટલી ભરતી થઈ છે?**૧૮,૨૧૭ ઉમેદવારોની**★પ્રથમ ગુજરાતી શાળા કયાં અને કયારે શરૂ થઈ?**સુરત - ઈ.સ. ૧૮૩૯**★કવિ કાન્તનું મૂળ નામ શું હતું?**મણીશંકર રત્નજી ભટ્ટ**★સુરસિંહજી તખ્તસિંહજી ગોહિલનું તખલ્લુસ જણાવો. **કલાપી**★જાહેર વિતરણ વ્યવસ્થાને કેશલેસ બનાવનારું ગુજરાત કેટલામું રાજય બન્યું છે? **પ્રથમ**★કવિ કલાપીનો કયો કાવ્યસંગ્રહ ખૂબ પ્રસિદ્ધ છે?**કલાપીનો કેકારવ**★કલાપી કયા રાજયના રાજવી હતા? **લાઠી**★'જયાં જયાં નજર મારી ઠરે, યાદી ભરી ત્યાં આપની' - પંક્તિ કયા કવિની છે?**કવિ કલાપી**★ગુજરાતમાં આદિવાસીઓના અધિકારો માટે લાગુ થયેલો 'પેસા' એક્ટનું પૂર્ણ નામ જણાવો.**પંચાયત એક્સટેન્શન ટુ ધ શિડ્યુલ એરિયાઝ**★'જનનીની જોડ સખી, નહ જડે રે લોલ' - જાણીતી કાવ્યપંક્તિના રચયિતા કોણ છે? **દામોદર ખુશાલદાસ બોટાદકર**★'મને એ જોઇને હસવું હજારોવાર આવે છે, પ્રભુ, તારાં બનાવેલાં આજે તમને બનાવે છે' - પ્રસ્તુત પંક્તિ કયા ગઝલકારની છે? **હરજી લવજી દામાણી 'શયદા'** ★રણજીતરામ વાવાભાઇ મહેતાને નામે કઇ સંસ્થા દ્વારા રણજીતરામ સુવર્ણચંદ્રક આપવામાં આવે છે?**ગુજરાત સાહિત્યસભા**★બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટીની સ્થાપના કયા જિલ્લામાં થવાની છે?**નર્મદા**★મહાત્મા ગાંધીજીને સત્યવ્રતધારક બનવા કયા નાટકે પ્રેરણા પૂરી પાડી હતી?**સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર**★કયા બિનગુજરાતી સાહિત્યકાર 'સવાઇ ગુજરાતી' તરીકે ગણના પામ્યા હતા?**કાકાસાહેબ કાલેલકર**★સ્વામી આનંદનું મૂળ નામ શું છે?**હિંમતલાલ રામચંદ્ર દવે**★સ્ટેચ્યુ ઓફ યુનિટીના સાનિધ્યમાં કઈ યુનિવર્સિટી નિર્માણ પામનારી છે?**બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી**★'હવેથી સ્વેચ્છાએ કોઇને પણ જોડણી કરવાનો અધિકાર નથી.' - આ વિધાન કોણે કર્યુ છે?**મહાત્મા ગાંધી** ★'સુન્દરમ્'નું મૂળ નામ જણાવો. **ત્રિભુવનદાસ પુરષોત્તમદાસ લુહાર**★'દર્શક' ઉપનામ કયા વિખ્યાત સાહિત્ય સર્જકનું છે? **મનુભાઇ રાજારામ પંચોળી**★ખનિજ ચોરી સામે ફરિયાદ માટેની મોબાઈલ એપનું નામ જણાવો. **GujMine** ★ગુજરાતી હાસ્યસાહિત્યના 'હાસ્ય સમ્રાટ'નું બિરૂદ કોને મળ્યું છે? **જયોતીન્દ્ર હ. દવે**★'જય જય ગરવી ગુજરાત' કાવ્ય રચના કોની છે?**કવિ નર્મદ**★ગુજરાતમાં રેલવે ટ્રેઈનિંગ કોલેજ કયા શહેરમાં આવેલી છે? **વડોદરા**★રાજયમાં વ્યાયામ પ્રવૃત્તિને વેગ આપવા અર્થે કેટલાં રૂરલ જીમ શરૂ કરવાનું આયોજન છે?**દસ હજાર** ★ગુજરાતની સૌપ્રથમ કૃષિ યુનિવર્સિટીની સ્થાપના કયાં અને કયારે થઈ? **દાંતીવાડા-ઈ.સ. ૧૯૭૩**★શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીની સ્થાપના કયાં અને કયારે થઇ?**વેરાવળ-ઈ.સ.૨૦૦૮**★ગુજરાતની એકમાત્ર આયુર્વેદ યુનિવર્સિટીની સ્થાપના કયાં અને કયારે થઇ?**જામનગર ઈ.સ.૧૯૬૭**★દેશનો સૌથી લાંબો કેબલ સ્ટેઈડ બ્રિજ ક્યાં નિર્માણ પામ્યો છે? **ભરૂચ**★ગુજરાત ટેકનોલોજી યુનિવર્સિટી કયાં આવેલી છે? **ગાંધીનગર**★દેશભરમાં આર્કિટેકટના અભ્યાસ માટે જાણીતી 'CEPT' ની સ્થાપના કયાં અને કયારે થઇ?**અમદાવાદ ઈ.સ.૧૯૬૩**★ગુજરાતમાં H.S.C.E. અને S.S.C.E. ની શરૂઆત કયારે થઈ? **ઈ.સ.૧૯૭૨**★ વર્ષ ૨૦૧૭ના આંતરરાષ્ટ્રિય મહિલા દિને ગાંધીનગરમાં કયું સંમેલન યોજાયું હતું?**ભારતની મહિલા સરપંચોનું મહાસંમેલન**★ડિઝાઇન માટેની કઇ વિશ્વ પ્રસિદ્ધ સંસ્થા ગુજરાતમાં આવેલી છે? કયાં?**નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડીઝાઈન- અમદાવાદ**★એટોમિક શિક્ષણ માટે ગુજરાતમાં કઇ સંસ્થા કાર્યરત છે ? **ભાભા એટોમિક રીસર્ચ સેન્ટર**★ એલ. ડી. એન્જિનિયરિંગ કોલેજનું આખું નામ શું છે?**લાલભાઈ દલપતભાઈ કોલેજ ઓફ એન્જિનિયરિંગ**★૨૦૧૭માં ભારતની મહિલા સરપંચોનું મહાસંમેલન ગુજરાતના કયા શહેરમાં યોજાયું હતું? **ગાંધીનગરમાં** ★ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન બદલ કયો સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવે છે?**રણજિતરામ સુવર્ણચંદ્રક** ★ગુજરાતમાં સૌપ્રથમ કઈ કોલેજ શરૂ થઈ?**ગુજરાત કોલેજ-અમદાવાદ-ઈ.સ.૧૮૮૭**★દૂરવર્તી શિક્ષણ માટેની ગુજરાતની પ્રસિદ્ધ યુનિવર્સિટી કઇ છે? **ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી** ★ખુલ્લામાં શૌચક્રિયા મુક્ત પ્રમાણિત ગ્રામ પંચાયતોની સંખ્યામાં ગુજરાત દેશમાં કયા ક્રમે આવ્યું છે?**પ્રથમ**★અમદાવાદમાં મંદબુદ્ધિના બાળકોને તાલીમ આપતી રાષ્ટ્રીય કક્ષાની સંસ્થા કઇ છે? **બી. એમ. ઈન્સ્ટીટ્યુટ ઑફ મેન્ટલ હેલ્થ**★વેધશાળાની સ્થાપના કયાં અને કયારે થઈ?**અમદાવાદ-ઈ.સ.૧૯૪૭**★કેળવણીકાર નાનાભાઇ ભટ્ટે ગ્રામલક્ષી અને સર્વોદયલક્ષી કેળવણી માટે કઇ કઇ સંસ્થાઓ સ્થાપી? **ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા અને લોકભારતી-સણોસરા**★ ભરૂચમાં ખુલ્લા મૂકાયેલા દેશના સૌથી લાંબા કેબલ સ્ટેઈડ બ્રિજની લંબાઈ કેટલા મીટર છે? **૧૩૪૪ મીટર**★શિક્ષણ ક્ષેત્રે પોતાનું અમૂલ્ય પ્રદાન આપી રહેલી સરદાર પટેલ યુનિવર્સિટી કયાં આવેલી છે?**વલ્લભ વિદ્યાનગર**★મહાત્મા ગાંધીના આધ્યાત્મિક માર્ગદર્શક કોણ હતા?**શ્રીમદ્ રાજચંદ્ર**★


ગ્રીન ગુજરાત, ક્લિન ગુજરાત



પર્યાવરણ સુરક્ષા માટે રૂા.૧૦ કરોડ વૃક્ષો વાવવાનો મહાયજ્ઞ

વીરાંજલિ વન એટલે વૃક્ષોનું અભયારણ્ય

સૌનો સાથ સૌનો વિકાસ

વૃક્ષોનું વાવેતર એટલે પર્યાવરણનું જતન

ગુજરાતને વધુ હરિયાળુ બનાવી ભારતના પર્યાવરણના જતનના આહવાનને સાર્થક કરીએ

સૌનો સાથ સૌનો વિકાસ



2017

રાજ્ય સરકારના અસધારણ વિકાસમાં મહત્વની ભૂમિકા ભજવનાર વાઈબ્રન્ટ ગુજરાત સમીટ કેટલાં વર્ષે યોજાય છે?**દર બે વર્ષે**★રાજ્ય સરકાર દ્વારા ૨૦૦૪થી અમલમાં મૂકાયેલી ગ્રામ્ય જીવન આનંદીત કરવાની અને શહેર તરફના સ્થળાંતરને અટકાવવાની યોજના કંઈ છે?**પંચવટી યોજના**★૨૦૦૬-૦૭થી રાજ્ય સરકાર દ્વારા ગ્રામ વિસ્તારમાં માળખાકીય સુવિધા ઊભી કરવા અર્થે લાગુ કરવામાં આવેલી યોજના કંઈ છે?**ગ્રામ સુવિધા યોજના**★વર્ષ ૨૦૧૬ના વર્લ્ડ હેલ્થ ડેના દિવસે જાહેર થનારી કંઈ છે, જે અંતર્ગત રાજ્યના દરેક નાગરિકોને વિનામૂલ્યે શરીર તપાસ કરી આપવામાં આવે છે?**મુખ્યમંત્રી નિદાન યોજના**★૨૦૧૬માં લાગુ થનારી યોજના કંઈ છે, જે અંતર્ગત રાજ્યના તેજસ્વી તારલાઓને ઊચ્ચ અભ્યાસ અર્થે આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે?**મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના**★દેશમાં નદીઓના જોડાણની પહેલ કરનાર પ્રથમ રાજ્ય ગુજરાત બન્યું છે, નદીઓને જોડણાર આ યોજના કંઈ છે?**સૌની યોજના**★આદિવાસી વિસ્તારોમાં પરંપરાગત હાટ બજારની વ્યવસ્થાને સુદ્રઢ કરવા માટે પ્રથમ તબક્કામાં કેટલાં હાટ બજારનું નિર્માણ થવાનું છે?**૧૬**★ગ્રામ્ય સ્તરે રમતોને પ્રોત્સાહન આપવા માટે ભારત સરકારની ગ્રામિણ ઓલિમ્પિક્સ સ્પર્ધા રાજ્યમાં ક્યારથી અમલમાં છે?**૨૦૦૪-૦૫**★ગુજરાતમાં સ્પોર્ટ્સ યુનિવર્સિટીની સ્થાપના કયા વર્ષે થઈ હતી?**૨૦૧૧માં**★માછીમારો અને સાગરખેડૂઓની આર્થિક પરિસ્થિતિમાં સુધારો લાવવા માટે રાજ્ય સરકારે કઈ મહત્વકાંક્ષી યોજના લાગુ કરી છે?**સાગરખેડૂ યોજના**★માછીમારો અને સાગરખેડૂઓની આર્થિક પરિસ્થિતિમાં સુધારો લાવવા માટે રાજ્ય સરકારે લાગુ કરેલી સાગરખેડૂ યોજના કયા વર્ષથી અમલમાં છે?**૨૦૦૮-૦૯**★આદિવાસી વનબંધુ(ટ્રાઈબલ) જ્ઞાતિના ગરીબ પરિવારના કલ્યાણ અર્થે રાજ્યમાં લાગુ કરવામાં આવેલી કંઈ યોજના વર્ષ ૨૦૧૫-૧૬થી પૂરા ભારતભરમાં લાગુ કરવામાં આવી છે?**વનબંધુ કલ્યાણ યોજના**★કયા આદિવાસી બહુલક જિલ્લામાં ગુરુ ગોવિંદ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે?**પંચમહાલ**★વર્ષ ૨૦૦૦માં શરૂ કરવામાં આવેલી કેન્દ્ર સરકારની અંત્યોદય અન્ન યોજના કયા મહાપુરુષના ખ્યાલને સાર્થક કરે છે?**ગાંધીજી**★રાજ્ય સરકાર દ્વારા મુખ્યમંત્રી અમૃતમ્ મા યોજના કયા વર્ષથી લાગુ કરવામાં આવી છે?**૨૦૧૨-૧૩**★ઘોઘા બંદર અને દક્ષિણ ગુજરાતના દહેજ બંદર વચ્ચે દરિયાઈ માર્ગે માલસામનની હેરફેર માટે કઈ ફેરી સર્વિસ શરૂ થશે?**ઘોઘા દહેજ રો-રો ફેરી સર્વિસ યોજના**★ઘોઘા દહેજ રો-રો સર્વિસ યોજનાથી ૩૬૦ કિમીનું અગાઉનું અંતર હવે કેટલાં કિલોમીટરનું રહ્યું છે?**માત્ર ૩૧ કિલોમીટરનું**★ઘોઘા દહેજ રો-રો સર્વિસ યોજનાથી જે અંતર અગાઉ સાત કલાકમાં કપાતું હતું, તે હવે કેટલાં કલાકમાં કપાશે?**એક કલાક**★કેન્દ્ર સરકારની મહત્વકાંક્ષી દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીઅલ કોરીડોર યોજના અંતર્ગત ગુજરાતના કેટલાં બંદરોને વિકસાવવામાં આવશે?**બે**★ગિફ્ટ સીટીના નામથી ઓળખાતા મહત્વકાંક્ષી પ્રોજેક્ટનું પૂરું નામ જણાવો.**ગુજરાત ઈન્ટરનેશનલ ફાઈનાન્સ ટેકસીટી**★ખેડૂતોને વીજ પ્રવાહના ઉપયોગમાં અગવડતા દૂર કરી ખેડૂતોને સવલત પૂરી પાડતી કિસાન ઊર્જા શક્તિ હિત યોજના અન્ય કયા નામે પ્રચલિત છે?**ખુશી યોજના**★ગ્રામ્ય વિસ્તારના જમીનના રેકોર્ડની જાળવણી અને નકલની ઓનલાઈન પ્રાપ્તિ અર્થે શરૂ કરવામાં આવેલી ઇ-ધરા યોજના ક્યારથી અમલમાં મૂકવામાં આવી છે?**૨૦૦૪થી**★રાજ્ય સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલી ઇ-ધરા યોજનાને માઈક્રોસોફ્ટ ઈ-ગવર્નન્સ એવોર્ડ કયા વર્ષમાં મળ્યો હતો? **૨૦૦૬માં**★ગુજરાતના દસ સૂકા જિલ્લાઓ અને પેટાળની નદીઓને ઈન્ટરલીકીગ કરતી મહત્વકાંક્ષી યોજના કંઈ છે?**સુજલામ સુફલામ્ યોજના**★પાણીના નેટર્વકિંગ દ્વારા પાણી વ્યવસ્થાપનની કંઈ યોજના રાજ્યમાં લાગુ થઈ છે, જે પૂરા દેશભરમાં પ્રથમ ગુજરાતમાં શરૂ કરવામાં આવી છે?**સુજલામ સુફલામ્ યોજના**★ગ્રામ્ય વિસ્તારની વિવિધ પ્રકારની માળખાકીય સુવિધા નિર્માણ કરવા અર્થે શરૂ કરવામાં આવેલી ગ્રામ સુવિધા યોજના ક્યારથી અમલમાં મૂકવામાં આવી છે?**૨૦૦૬-૦૭થી**★પશુઓના છાણ-મૂત્રને એકત્રિત કરીને તેમાંથી પ્રાપ્ત થતાં મિથેઈન ગેસના વાણિજિક અર્થે કઈ યોજના શરૂ કરવામાં આવી છે?**ગોબર બેંક યોજના**★ગ્રામ્ય વિસ્તારમાં વિવિધતામાં એકતા લાવવા માટે કઈ યોજના લાગુ કરવામાં આવી છે?**તીર્થ ગ્રામ યોજના**★તીર્થ ગ્રામ યોજના અંતર્ગત કયા ગામોને અગ્રતા આપવામાં આવે છે?**સમરસ ગામોને**★ત્રણ વર્ષ સુધી ગામમાં કોઈ ગુનો ન નોંધાય તો રાજ્ય સરકાર તે ગામને કયો દરજ્જો આપે છે?**પાવનગ્રામનો**★ગ્રામ પંચાયતમાં સરપંચ અને અન્ય હોદ્દેદારોની પસંદગી બિનહરીફ ધોરણે થાય છે, તે રાજ્ય સરકારની યોજના કંઈ છે?**સમરસ ગામ યોજના**★રાજ્ય સરકાર દ્વારા ગામમાં નિયમિત સ્વચ્છતા રહે અને ગામના લોકોનું સ્વાસ્થ્ય સારું રહે તે માટે ૨૦૦૬-૦૭માં કઈ યોજના અમલમાં મૂકવામાં આવી હતી?**સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામ**★વર્ષ ૨૦૦૪માં રાજ્ય સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલી પંચવટી યોજનાનો ઉદ્દેશ શું છે?**ગ્રામ્ય જીવનને આનંદીત બનાવવું અને શહેરો તરફનું માઈગ્રેશન અટકાવવું**★રાજ્ય સરકારની ગ્રામ પંચાયતોને વી-સેટ આધારીત ઈન્ટરનેટ કનેક્ટવિટીથી જોડતી યોજના કઈ છે?**ઈ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજના**★રાજ્ય સરકારની ઇ-ગ્રામ વિશ્વ ગ્રામ યોજનાનો ઉદ્દેશ જણાવો.**રાજ્યની તમામ ગ્રામ પંચાયતોને ઈન્ટરનેટ કનેક્ટવિટીથી જોડવી**★ઈન્ટરનેટ સુવિધાથી તમામ ગ્રામ પંચાયતોને જોડનારું ગુજરાત દેશમાં કેટલામું રાજ્ય છે?**પ્રથમ**★ખેતીનો પાક લેતા અગાઉ જમીનની તપાસણીની કરીને ઉત્પાદકતા વધારવા માટે રાજ્યમાં કઈ યોજના લાગુ છે?**સોઈલ હેલ્થ કાર્ડ**★જમીનની તપાસણી કરીને ઉત્પાદકતા વધારવાની યોજના સોઈલ હેલ્થ કાર્ડનો ખ્યાલ ગુજરાતની કંઈ યુનિવર્સિટી દ્વારા વિકસાવવામાં આવ્યો હતો?**આણંદ એગ્રીકલ્ચર યુનિવર્સિટી**★ગુજરાતમાં સોઈલ હેલ્થ કાર્ડ યોજનાને મળેલી સફળતા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પૂરા દેશ માટે આ યોજના કયા રાજ્યમાંથી ખુલ્લી મૂકી છે? **રાજસ્થાનમાંથી**★ગુજરાતમાં સફળ થનારી સોઈલ હેલ્થ કાર્ડ યોજનાને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના કયા સ્થળેથી દેશ માટે પણ ખુલ્લી મૂકી છે?**સુરતગઢથી**★સંસદના પોતાના મતવિસ્તારના કેટલાંક ગામોને આદર્શ ગ્રામ તરીકે વિકસસાવાની યોજનાનું નામ શું છે?**સાંસદ આદર્શ ગ્રામ યોજના**★સંસદના પોતાના મતવિસ્તારના કેટલાંક ગામોને આદર્શ ગ્રામ તરીકે વિકસાવવાની યોજના કયા વડા પ્રધાન દ્વારા ખુલ્લી મૂકવામાં આવી છે?**નરેન્દ્ર મોદી**★વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા સાંસદ આદર્શ ગ્રામ યોજના કયા લોકનેતાના જન્મદિવસે અમલમાં મૂકવામાં આવી છે?**જયપ્રકાશ નારાયણ**★પશુચિકિત્સાને નવા આયામ પર લઈ જવા અર્થે રાજ્ય સરકાર દ્વારા કઈ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે?**કામધેનુ યુનિવર્સિટી**★પશુચિકિત્સાને વધુ વૈજ્ઞાનિક ઢબે વિકાસ કરવા અર્થે કામધેનુ યુનિવર્સિટીની સ્થાપના ક્યાં કરવામાં આવી છે?**હિંમતનગર**★રાજ્યના વિવિધ સ્થળોએ વાર્ષિક ધોરણે થતું વૃક્ષારોપણ અને જંગલ વિકસાવવાના ખ્યાલ રૂપે કંઈ યોજના અમલમાં મૂકવામાં આવી છે?**વન મહોત્સવ**★રાજ્યના વિવિધ સ્થળોએ વૃક્ષારોપણ અને જંગલ વિકસાવવા અર્થે યોજાતો વન મહોત્સવની શરૂઆત ક્યારથી થઈ છે?**૨૦૦૪થી**★ગ્રામજનોને અવિરત વીજ પ્રવાહ મળી રહે તે ઉદ્દેશ્યથી રાજ્ય સરકારની કંઈ યોજના અમલમાં છે?**જ્યોતિગ્રામ યોજના**★ગ્રામજનોને અવિરત વીજ પ્રવાહ મળી રહે તે ઉદ્દેશ્યથી શરૂ કરવામાં આવેલી જ્યોતિગ્રામ યોજના જેવી પહેલ કરનારું ગુજરાત કેટલામું રાજ્ય છે?**પ્રથમ**★રાજ્ય સરકાર દ્વારા કૃષિ મહોત્સવ કયા વર્ષથી ઉજવાય છે?**૨૦૦૫થી**★


**રાજ્ય સરકાર ખેડૂતોની પડખે છે**




ટેકાના ભાવે **૧,૦૦,૦૦૦** મેટ્રીક ટન તુવેરની ખરીદીનો વિક્રમ

ખેડૂતોને મળતી વીજળીનાં સમયમાં વધારો એટલે તેમની સુખાકારીમાં વધારો

સૌનો સાથ સૌનો વિકાસ

**જગતના તાતને તાતી સહાય એ જ નિર્ધાર**

કેન્દ્રના કૃષિ, સહકાર અને ખેડૂત કલ્યાણ વિભાગના સંકલનથી ખેડૂતોને તેમની ઉપજનો યોગ્ય ભાવ મળે તેવો મક્કમ અને નક્કર નિર્ધાર




સૌનો સાથ સૌનો વિકાસ

2017

ભારત દેશની રાષ્ટ્રીય મુદ્રા કઈ છે?**ચાર સિંહોવાળી શિલ્પાકૃતિ**★ ભારત દેશનો રાષ્ટ્રીય મુદ્રાલેખ કયો છે?**સત્યમેવ જયતે**★છત્તીસગઢનું પ્રથમ માસિક સમાચારપત્ર કયું હતું? **છત્તીસગઢ મિત્ર**★ભારત દેશનું સૌથી ઓછી વસ્તીગીચતા ધરાવતું રાજ્ય કયું છે? **સિક્કિમ** ★છત્તીસગઢમાં કયા સ્થળે સૌથી વધુ વરસાદ પડે છે?**અબુઝમાડ ક્ષેત્રે**★દુનિયામાં લોખંડના કુલ જથ્થાનો કેટલામો ભાગ ભારતમાં છે? **ચોથો** ★ છત્તીસગઢમાં કયા શહેરનું તાપમાન સૌથી વધારે હોય છે? **ચામ્પા** ★ભારતમાં પ્રથમ પંચવર્ષીય યોજના કયા વર્ષથી શરૂ કરવામાં આવી હતી?**ઈ.સ.૧૯૫૧**★કઈ નદીને છત્તીસગઢની ગંગા કહેવામાં આવે છે?**મહા નદી**★ભારતીય રીઝર્વ બૅન્કની સ્થાપના કઈ સાલમાં થઈ હતી? **ઈ.સ.૧૯૩૫**★છત્તીસગઢ વિધાનસભાનું નામકરણ કોના નામ પરથી થયું છે?**મિનીમાતા**★વાઘનું અભયારણ્ય 'સુંદરવન' કયા રાજ્યમાં આવેલું છે?**પશ્ચિમ બંગાળ**★ક્ષેત્રફળની દ્રષ્ટિએ છત્તીસગઢનું સ્થાન દેશમાં કેટલામું છે?**નવમું**★દિલ્હીમાં યમુના નદીના કિનારે આવેલા લાલબહાદુર શાસ્ત્રીના સમાધિસ્થળને કયા નામથી ઓળખવામાં આવે છે?**વિજયઘાટ**★છત્તીસગઢ રાજ્યની પ્રથમ સંકલ્પના કોણે કરી હતી?**પંડિત સુંદરલાલ શર્મા**★મહાત્મા ગાંધીનું સમાધિસ્થળ રાજઘાટ કઈ નદીના કિનારે આવેલું છે?**યમુના**★કયા મહાનુભાવને છત્તીસગઢના મંગલપાંડે તરીકે ઓળખવામાં આવે છે?**હનુમાનસિંહ**★મહારાષ્ટ્રમાં વર્ધા નજીક આવેલી ગાંધીજીની કર્મભૂમિ કયા નામથી ઓળખાય છે?**સેવાગ્રામ**★છત્તીસગઢના સૌથી મોટો રાષ્ટ્રીય ઉદ્યાનનું નામ જણાવો.**ગુરુ ઘાસીદાસ**★ભારતના સર્વપ્રથમ ઉપરાષ્ટ્રપતિ કોણ હતા?**ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન** ★છત્તીસગઢની ભાષામાં બનેલી પહેલી ફિલ્મ કઈ હતી?**કહિ દેબે સંદેશ**★સ્વતંત્ર ભારતના પ્રથમ ચૂંટણી કમિશનર કોણ હતા?**સુકુમાર સેન**★છત્તીસગઢમાં કેટલા વિધાનસભા ક્ષેત્ર છે?**૯૦**★ભારત સરકારના વહીવટી વડા કોણ ગણાય છે? **વડાપ્રધાન** ★છત્તીસગઢનો સૌથી સાક્ષર જિલ્લો કયો છે? **રાયપુર** ★ભારત સરકારના બંધારણીય વડા કોણ ગણાય છે? **રાષ્ટ્રપતિ** ★છત્તીસગઢ રાજ્યમાં કેટલા જિલ્લા છે?**૧૮**★ભારતની પ્રથમ પંચવર્ષીય યોજનામાં કયા ક્ષેત્રને પ્રાધાન્ય આપવામાં આવ્યું હતું?**ખેતી**★છત્તીસગઢમાં આદિવાસીઓની જનસંખ્યા કેટલા ટકા છે?**આશરે ૩૨ ટકા**★રીઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાનું રાષ્ટ્રીયકરણ કઈ સાલમાં કરવામાં આવ્યું હતું?**ઈ. સ.૧૯૪૯**★છત્તીસગઢમાં વનક્ષેત્રનો હિસ્સો કેટલા ટકા છે?**૪૪ ટકાથી વધુ**★રીઝર્વ બૅન્ક ઑફ ઇન્ડિયાના પ્રથમ ભારતીય ગવર્નર કોણ હતા?**સી. ડી. દેશમુખ**★હાલમાં જ છત્તીસગઢના કયા જિલ્લામાં ફૂડ પાર્કની સ્થાપના કરવામાં આવી છે?**ધમતરી**★ભારતીય રેલવેનું પશ્ચિમ ઝોનનું વડું મથક કયું છે? **મુંબઈ(ચર્ચગેટ)** ★ છત્તીસગઢના કયા જિલ્લાને એજ્યુકેશન હબ બનાવવામાં આવી રહ્યું છે?**કોરબા**★ભારતમાં ટપાલ દ્વારા મનીઑર્ડર સેવાનો આરંભ કયા વર્ષમાં કરવામાં આવ્યો હતો? **ઈ.સ. ૧૮૮૦** ★માછલી બીજ ઉત્પાદન અને માછલીઉછેરના ક્ષેત્રમાં ઉલ્લેખનીય ઉપલબ્ધિ હાંસલ કરનાર કયા રાજ્યને એગ્રીકલ્ચર લીડરશિપ એવોર્ડથી નવાજવામાં આવ્યું છે? **છત્તીસગઢ**★બ્રિટિશ પાર્લામેન્ટના સભ્ય તરીકે ચૂંટાઈ આવનારા સૌપ્રથમ ભારતીય કોણ હતા?**દાદાભાઈ નવરોજી** ★દેશની સર્વપ્રથમ કૉમર્શિયલ કોર્ટનું ભૂમિપૂજન કયા રાજ્યમાં કરવામાં આવ્યું? **છત્તીસગઢ** ★ભારતમાં સુપ્રીમ કોર્ટના પ્રથમ મહિલા ન્યાયમૂર્તિ કોણ હતા?**મીરા સાહિબ ફાતીમાબીબી**★છત્તીસગઢમાં કઈ તારીખે વૃદ્ધજન દિવસ ઉજવવામાં આવે છે?**૧ ઓક્ટોબર**★ભારતીય સાહિત્ય ક્ષેત્રનો સર્વોચ્ચ જ્ઞાનપીઠ એવોર્ડ મેળવનાર પ્રથમ મહિલા કોણ હતા? **આશાપૂર્ણાદેવી** ★છત્તીસગઢ રાજ્યના કયા જિલ્લામાં સુપ્રસિદ્ધ ગઢિયા મહોત્સવનું આયોજન કરવામાં આવે છે?**કાંકેર**★ભારતીય સંસદમાં કેન્દ્રીય પ્રધાન બનનાર સૌપ્રથમ મહિલા કોણ હતા?**રાજકુમારી અમૃતકૌર**★ અલગ રાજ્ય માટે છત્તીસગઢે કરેલા સંઘર્ષનું મૂળ કારણ શું હતું? **આદિવાસીઓની જમીન અને તેમની ઓળખ** ★કયા ક્રાંતિકારી નેતા 'લોકનાયક'ના ઉપનામથી ઓળખાતા હતા?**જયપ્રકાશ નારાયણ** ★છત્તીસગઢની રચના માટે સૌપ્રથમ રાજકીય પ્રયાસ ક્યારે કરવામાં આવ્યો હતો?**વર્ષ ૧૯૯૮માં**★ઈંગ્લેન્ડના પ્રાધ્યાપક મિ. ઑઈલ સાથે સંશોધન કરીને આઇનસ્ટાઈનના સાપેક્ષવાદમાં સુધારા સૂચવનારા ભારતીય વૈજ્ઞાનિક કોણ હતા?**ડૉ. જયંત નાર્લીકર**★


પશુધનનું મહત્ત્વ અને મૂલ્ય જાણતી અને આંકતી સરકાર



અછત અને અસરગ્રસ્ત જિલ્લાના પશુધન માટે રજિસ્ટર્ડ પાંજરાપોળ અને ગૌશાળાઓને વિશેષ સહાય

પ્રતિદિન પશુદીઠ ૪ કિ.ગ્રા. ઘાસ રૂ. ૨/-ના રાહતદરે આપવાનો નિર્ણય

સૌનો સાથ સૌનો વિકાસ

ગૌસેવા અને મૂંગા પશુધન પ્રત્યે સરકાર સંવેદનશીલ છે

ગૌમાતા, ગૌવંશ સહિત સમગ્ર પશુધનનો યોગ્ય નિભાવ એ આપણા સૌની સહિયારી ફરજ છે





સૌનો સાથ સૌનો વિકાસ

ઉપગ્રહ તૈયાર કરનારી સંસ્થા 'ઇસરો સૅટેલાઈટ સેન્ટર' કયા શહેરમાં આવેલી છે?બેંગલુરુ★અલગ રાજ્ય તરીકે છત્તીસગઢની સ્થાપના ક્યારે થઈ?૧ નવેમ્બર, ૨૦૦૦★ભારતના પ્રથમ અવકાશયાત્રી રાકેશ શર્માએ કયા દેશના અવકાશયાનમાં પ્રવાસ કર્યો હતો?રશિયા★છત્તીસગઢ રાજ્યનું ક્ષેત્રફળ દેશના કુલ ક્ષેત્રફળના લગભગ કેટલા ટકા જેટલું છે?૪.૧૧ ટકા★હિમાલય શિખરની ઊંચાઈ માપવાનું સૌપ્રથમ કાર્ય કોણે કર્યું હતું?અમલદાર રાધાનાથ સિકદાર★છત્તીસગઢની એક અલગ રાજ્ય તરીકે માગણી સૌપ્રથમવાર ક્યારે કરવામાં આવી હતી?વર્ષ ૧૯૨૩★ભારત સરકાર તરફથી સાહિત્ય, કલા, વિજ્ઞાન અને સમાજસેવાના ક્ષેત્રોમાં વિશેષ યોગદાન બદલ અપાતો ભારતરત્ન ઍવૉર્ડ કયા વર્ષથી આપવામાં આવે છે?ઇ.સ. ૧૯૫૪★મધ્યપ્રદેશના કેટલા જિલ્લા ભેગા કરીને છત્તીસગઢ રાજ્યની સ્થાપના કરવામાં આવી છે?૧૬★ભારતમાં સૌપ્રથમ પૂર્ણ સ્વરાજનો દિવસ ક્યારે મનાવવામાં આવ્યો હતો?૨૬ જાન્યુઆરી ૧૯૩૦★પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત દેશનો સર્વપ્રથમ પ્રોજેક્ટ કયા રાજ્ય માટે સ્વીકૃત કરવામાં આવ્યો હતો?છત્તીસગઢ★ભારતમાં વેપાર કરવા આવનારી પ્રથમ યુરોપીય પ્રજા કઈ હતી?પોર્ટુગીઝ★વિશ્વ બેંકની 'ઇઝ ઑફ ડુઇંગ બિઝનેસ' રેકિંગ અનુસાર, વ્યાપાર કરવા માટેના શ્રેષ્ઠ રાજ્યોમાં છત્તીસગઢનો ક્રમ કયો છે?ચોથો★'દિલ્લી ચલો' સૂત્ર કયા ક્રાંતિકારી નેતાએ આપ્યું હતું?સુભાષચંદ્ર બોઝ★છત્તીસગઢનું સુપ્રસિદ્ધ ભોરમદેવ મંદિર કઈ શૈલીની વાસ્તુકળાનું ઉદાહરણ છે?નાગર શૈલી★સુભાષ ચંદ્ર બોઝે સ્થાપેલી આઝાદ હિંદ સેનાની રચના ક્યાં થઈ હતી?જાપાન★છત્તીસગઢના ઇતિહાસમાં સોનાખાન બળવો કોની સાથે સંબંધિત છે?વીર નારાયણસિંહ★ભારતની પ્રથમ ઍરલાઈન કયા વર્ષમાં શરૂ થઈ હતી?વર્ષ ૧૯૪૬★છત્તીસગઢ સ્વતંત્રતા સંગ્રામ આંદોલનના છેલ્લાં શહીદ કોણ હતાં?સુરેન્દ્ર સાય★મુંબઈ સ્ટોક ઍક્સચેંજના પ્રથમ મહિલા પ્રમુખ કોણ હતા?દીના મહેતા★છત્તીસગઢમાં સવિનય કાનૂન ભંગ આંદોલનનો પ્રારંભ કોણે કર્યો હતો?પંડિત રવિશંકર શુક્લ★એશિયાનું પ્રથમ સાયન્સ સિટી ભારતમાં કયા શહેરમાં બાંધવામાં આવ્યું હતું?કોલકતા★છત્તીસગઢની સિહાવા નગરીમાં કયા ઋષિએ તપ કર્યું હોવાનું મનાય છે?શ્રૃંગી ઋષિ★મેડમ ભીખાઈજી રૂસ્તમજી કામાએ ભારતના રાષ્ટ્રીય ધ્વજની રચના કયા દેશમાં કરી હતી?જર્મની★વર્ષ ૨૦૦૮નો ભારત અસ્મિતા શ્રેષ્ઠ જનપ્રતિનિધિ પુરસ્કાર કોને એનાયત કરવામાં આવ્યો છે?ડૉ. રમણસિંહ★ભારતમાં ડુંગળીની સૌથી વધુ ખેતી કયા રાજ્યમાં થાય છે?મહારાષ્ટ્ર★છત્તીસગઢ રાજ્યની સરહદો કેટલા રાજ્યો સાથે જોડાયેલી છે?૬★દુનિયામાં ચાના ઉત્પાદન અને વપરાશમાં ભારતનો ક્રમ કયો આવે છે?પ્રથમ★છત્તીસગઢ રાજ્યની ઉત્તર દિશાએ કયું રાજ્ય આવેલું છે?ઉત્તર પ્રદેશ★ભારતનું રાષ્ટ્રીય ગીત 'જન ગણ મન...' સૌપ્રથમ કોલકાતામાં ક્યારે ગાવામાં આવ્યું હતું?૨૭ ડિસેમ્બર ૧૯૧૧★છત્તીસગઢની સૌથી મોટી નદીનું નામ જણાવો.મહા★ઑક્ટોબર ૧૯૪૦માં વ્યક્તિગત સત્યાગ્રહની ચળવળ શરૂ થઈ હતી, તેમાં પ્રથમ સત્યાગ્રહી કોણ બન્યા હતા?વિનોબા ભાવે★છત્તીસગઢમાં વાઘના સંરક્ષણ માટે સ્થાપવામાં આવેલો નેશનલ પાર્ક પ્રોજેક્ટ ક્યાં આવેલો છે?ઇન્દ્રાવતી★મણિપુર રાજ્યની રાજધાની કઈ છે?ઇમ્ફાલ★કયા સ્થળને છત્તીસગઢનું પ્રયાગ, મહાતીર્થ તેમજ સંસ્કારનગરી તરીકે ઓળખવામાં આવે છે?રાજિમ★ભારતના બંધારણની રચના કરવામાં આવી ત્યારે બંધારણ સભાના પ્રમુખ તરીકે કોને ચૂંટવામાં આવ્યા હતા?ડૉ. રાજેન્દ્રપ્રસાદ★છત્તીસગઢમાં સિંચાઈની સૌથી મોટી યોજના કઈ છે?મહાનદી યોજના★ભારતની સૌથી મોટી વ્યાપારી બૅન્ક 'સ્ટેટ બૅંક ઑફ ઇન્ડિયા'નું રાષ્ટ્રિયકરણ થયું તે અગાઉ તે કયા નામથી ઓળખાતી હતી?ઇમ્પીરિયલ બૅન્ક ઑફ ઇન્ડિયા★દેશમાં છત્તીસગઢ રાજ્યને કયા પાકના વાટકા તરીકે ઓળખવામાં આવે છે?ધાન★પ્રાચીન પવિત્ર ગંગા નદીને કયા વર્ષમાં રાષ્ટ્રિય નદી જાહેર કરવામાં આવી હતી?વર્ષ ૨૦૦૮★કયા સ્થળને છત્તીસગઢની ઊર્જા રાજધાની તરીકે ઓળખવામાં આવે છે?કોરબા★ ભારત ચૅમ્પિયન બન્યું હતું તે પ્રથમ ટ્વેન્ટી૨૦ વર્લ્ડ કપ ક્યાં રમાયો હતો?દક્ષિણ આફ્રિકા★છત્તીસગઢ રાજ્યનો મુખ્ય પાક કયો છે?ધાન★ભારતનું સૌથી મોટું ચર્ચ 'સી કેથેડ્રલ' ક્યાં આવેલું છે? પણજી(ગોવા)★છત્તીસગઢ રાજ્યમાં કેટલા રાષ્ટ્રીય ઉદ્યાન આવેલા છે?ત્રણ★પ્રથમ ઑસ્કાર ઍવાર્ડ જીતનાર ભારતીય ભાનુ અથૈયાને કઈ ફિલ્મ માટે પુરસ્કાર મળ્યો હતો?ગાંધી★છત્તીસગઢ રાજ્યનું સૌથી મોટું શહેર કયું છે?રાયપુર★ પ્રતિષ્ઠિત મેગ્સેસ ઍવૉર્ડ મેળવારા પ્રથમ ભારતીય કોણ હતા?વિનોબા ભાવે★વર્ષ ૨૦૧૧ની વસતી ગણતરી અનુસાર વસતીની દ્રષ્ટિએ છત્તીસગઢનો દેશમાં કેટલામો ક્રમ છે?૧૭મો★ભારતનું સૌથી વધુ વખત બજેટ રજૂ કરનારા નાણામંત્રી કોણ હતા?મોરારજી દેસાઈ★છત્તીસગઢમાં તાલુકાઓની સંખ્યા કેટલી છે?૧૪૬★

**કિશોર વર્ગ (ધોરણ ૬-૮)ના સ્પર્ધકોના પ્રશ્નો અહીં પૂર્ણ થાય છે. તેમણે અહીં સુધી તૈયારી કરવી.**

'મૂછાળી મા' નામે ઓળખાતા ગુજરાતી બાળસાહિત્યકારનું નામ આપો. **ગિજુભાઈ બધેકા** ★ વૃક્ષાચ્છાદિત વિસ્તારના ક્ષેત્રે હાલમાં રાષ્ટ્રમાં ગુજરાત રાજ્ય કેટલામાં ક્રમે છે?**ત્રીજા**★સોલંકી વંશના પ્રસિદ્ધ રાજવી સિદ્ધરાજ જયસિંહના શાસનકાળમાં કોને 'કલિ કાલ સર્વજ્ઞ'નું બિરુદ પ્રાપ્ત થયું હતું?**હેમચંદ્રાચાર્ય**★ગુજરાતમાં ક્રાંતિકારી પ્રવૃત્તિના આદ્ય પ્રણેતા કોણ ગણાય છે? **મહર્ષિ અરવિંદ**★મજૂર મહાજન સંઘની સ્થાપના કોણે કરી હતી?**મહાત્મા ગાંધી**★ગુજરાતમાં આજ દિન સુધી કેટલા સાંસ્કૃતિક વનોનું નિર્માણ થયું છે?**૧૬**★કસ્તૂરબાને જેલમાં કોણે ભણતર પૂરું પાડ્યું? **પૂર્ણિમાબેન પકવાસા**★ગાંધીજી કોને પોતાનો પાંચમો પુત્ર ગણતા?**જમનાલાલ બજાજ**★ગુજરાતમાં અનાથ આશ્રમની પ્રવૃત્તિ શરૂ કરનાર સૌપ્રથમ સુધારક કોણ હતા?**મહિપતરામ રૂપરામ**★સુફલામ સુજલામ યોજના અંતર્ગત ઉત્તર ગુજરાતના ગામો માટે કેટલી સંખ્યામાં પાઈપલાઈનો નાખવાનું આયોજન છે?**૧૧**★વડોદરાનો વૈભવી લક્ષ્મીવિલાસ પેલેસ કોણે બનાવ્યો હતો?**મહારાજા સયાજીરાવ ગાયકવાડ**★એએમએ, આઈઆઈએમ અને પીઆરએલ કયા મહાનુભાવની દીર્ઘ દષ્ટિનું પરિણામ છે?**ડૉ. વિક્રમભાઈ સારાભાઈ**★અમદાવાદ એજ્યુકેશન સોસાયટીના સ્થાપના કોણે કરી હતી?**કસ્તુરભાઈ લાલભાઈ**★ભારતમાં મીઠાના કુલ ઉત્પાદનમાં ગુજરાત રાજ્યનો હિસ્સો કેટલા ટકાનો છે? **૭૦ ટકા**★અમદાવાદ મ્યુનિસિપાલીટીનાં સર્વપ્રથમ ભારતીય પ્રમુખ કોણ હતાં?**રાવબહાદુર રણછોડલાલ છોટાલાલ**★ગુજરાતમાં સૌપ્રથમ રેડિયો કેન્દ્ર કોણે શરૂ કરાવ્યું?**મહારાજા સયાજીરાવ ગાયકવાડ-વડોદરા**★જયોતિસંઘની સ્થાપના કોણે કરી હતી?**મૃદુલા સારાભાઈ**★પાક વીમા યોજના હેઠળ ખેડૂતોને ભરવાના થતાં પાંચ ટકા પ્રીમિયમમાં કેટલા ટકા વધારાની સહાય જાહેર કરવામાં આવી છે?**ત્રણ ટકા**★સ્વતંત્ર ભારતની બંધારણ સભાના અધ્યક્ષ તરીકે કયા ગુજરાતીની સૌપ્રથમ નિમણૂક થઈ હતી?**ગણેશ માવળંકર**★સ્ત્રીપાત્રોની ભૂમિકાને રંગભૂમિ પર જીવંત કરનાર નટ કોણ હતા?**જયશંકર સુંદરી**★સ્વતંત્ર ભારતની પ્રથમ પાર્લામેન્ટના અધ્યક્ષ કોણ હતા?**ગણેશ વાસુદેવ માવળંકર**★પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી ખાતે નિર્માણ થયેલા સાંસ્કૃતિક વનને ક્યા નામે ઓળખવામાં આવે છે?**માંગલ્ય વન**★આઝાદી પછી સૌરાષ્ટ્રના લોકશાહી રાજ્યના પ્રથમ મુખ્યમંત્રી કોણ બન્યા?**ઉચ્છંગરાય ઢેબર**★ભારતીય ભૂમિસેનાના પ્રથમ ગુજરાતી ફિલ્ડમાર્શલ કોણ હતા? **જનરલ માણેકશા**★ગુજરાતની પ્રથમ સરકારને બંધારણના શપથ કોણે લેવડાવ્યા હતા ?**રવિશંકર મહારાજ**★ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાજ્યના કેટલાં સ્ટેટ હાઈવે નેશનલ હાઈવેમાં પરિવર્તિત થવાની જાહેરાત કરી છે?**આઠ**★અડાલજની વાવ કોણે અને કયા વર્ષમાં બનાવી હતી ?**રાણી રૂડાબાઈ - ઈ.સ.૧૪૭૭**★હડ્ડપીય સંસ્કૃતિના મહત્ત્વના સ્થળ લોથલની શોધ કયા પુરાતત્ત્વશાસ્ત્રીએ કરી હતી ? **ડૉ. એસ.આર.રાવ**★કચ્છમાં દર વર્ષે કોની યાદમાં મેળો ભરાય છે ?**સંત મેકરણ દાદા**★ રાજ્યના આઠ સ્ટેટ હાઈવે નેશનલ હાઈવેમાં પરિવર્તિત થશે, આ પરિવર્તિત હાઈવે કેટલા કિલોમીટરના છે?**૧૨૦૦**★સંતરામ મહારાજનું પ્રખ્યાત મંદિર કયાં આવેલું છે?**નડિયાદ**★રંગ અવધૂત મહારાજનું મૂળ નામ શું હતું?**પાંડુરંગ વિઠ્ઠલા વળામે**★કયા સંતે બાંધેલી ઝૂંપડી સતાધારના નામથી પ્રખ્યાત બની?**સંતશ્રી આપા ગીગા બાપુ**★ દક્ષિણ એશિયાનો સૌથી મોટો પ્રેટ્રોકેમિકલ પ્લાન્ટ રાજયમાં ક્યાં સ્થાપવામાં આવ્યો છે?**દહેજ** ★બજરંગદાસબાપાએ કયાં સમાધિ લીધી હતી?**બગદાણા**★મહુડી જૈન તીર્થની સ્થાપના કોણે કરી હતી?**આચાર્ય બુદ્ધિસાગરજી**★છાપખાનું શરૂ કરનાર પ્રથમ ગુજરાતી કોણ હતા?**દુર્ગારામ મહેતા** ★ દક્ષિણ એશિયાનો સૌથી મોટો પેટ્રોકેમિકલ પ્લાન્ટ – ઓપાલ – કેટલાં વિસ્તારમાં પ્રસર્યો છે?**૫૦૮ એકર**★ગુજરાતના પ્રથમ કોશકાર કોણ હતા ?**કવિ નર્મદ** ★ભવાઈના પ્રણેતાનું નામ જણાવો ?**અસાઈત ઠાકર**★અમદાવાદમાં આવેલી અને સ્થાપત્યકળાનો ઉત્તમ નમૂનો એવી જુમ્મા મસ્જિદ કોણે બંધાવી હતી?**અહમદશાહ બાદશાહ**★ વડાપ્રધાન કરેલી જાહેરાત મુજબ રાજ્યના ૪૦ બંદરોના કેટલાં ખર્ચથી વિકસાવવામાં આવશે?**૪૫ હજાર કરોડ રૂપિયાના ખર્ચે**★ગાંધીજીએ કઈ કોલેજમાં અભ્યાસ કર્યો હતો?**શામળદાસ કૉલેજ-ભાવનગર**★પોરબંદરમાં આવેલ મહાત્મા ગાંધી કીર્તિ મંદિર કોણે બંધાવ્યું?**નાનજી કાલિદાસ મહેતા**★વસ્તુપાળને ગુજરાતના મહાઅમાત્યનું પદ કોણે આપ્યું?**રાજા વિશળદેવ વાઘેલા**★ કેન્દ્ર સરકારની કંઈ યોજના અંતર્ગત દરિયા કિનારાના વિસ્તારમાં રોજગારીની તકો વધશે?**સાગરમાલા**★સ્વાતંત્ર્ય સેનાની શ્યામજી કૃષ્ણ વર્માએ લંડનમાં સ્થાપેલ વિદ્યાર્થી છાત્રાલયનું નામ આપો.**ઈન્ડિયા હાઉસ**★ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપક કોણ હતા ?**રણજિતરામ વાવાભાઈ**★ગુજરાતના કયા અણુવિજ્ઞાનીએ આંતરરાષ્ટ્રીય સ્તરે નામના મેળવી હતી?**ડૉ. હોમી ભાભા**★દહેજ માટેનો ઓપાલ પ્લાન્ટ કયા ક્ષેત્રે ઉત્પાદન માટે અગ્રેસર છે?**પ્લાસ્ટિક મેડિકલ ક્ષેત્રે**★





ઉશનસ્ કયા કવિનું ઊપનામ છે ? **નટવરલાલ પંડયા**★રાજેન્દ્ર શાહને કયા કાવ્યસંગ્રહ માટે જ્ઞાનપીઠ એવોર્ડ એનાયત થયો ? **નિરુદ્દેશે**★સાબર ડેરીની સ્થાપના કોણે કરી હતી?**ભોળાભાઇ ખોડીદાસ પટેલ**★ગુજરાત સરકારની વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજના અંતર્ગત કન્યાઓને કેટલા રૂપિયાનાં બોન્ડ આપવામાં આવે છે?**૨૦૦૦ રૂપિયા**★પાવાગઢમાં મહાકાળી માતાજીની સ્થાપના કોણે કરી છે ?**વિશ્વામિત્ર ઋષિ**★મૌન મંદિરના સ્થાપક કોણ હતા? **પૂજય શ્રી મોટા**★લંડનમાં 'ઈન્ડિયન સોશિયોલોજીસ્ટ' અખબાર કોણે શરૂ કર્યું હતું? **શ્યામજીકૃષ્ણ વર્મા** ★ વિદ્યાલક્ષ્મી બોન્ડ યોજનાના લાભ મેળવવા ગામમાં મહિલા સાક્ષરતાનું પ્રમાણ કેટલું હોવું જરૂરી છે? **૩૫%**★શેક્સપિયર રચિત હેમ્લેટનું પૃથ્વી છંદમાં ભાષાંતર કોણે કર્યું છે?**હંસા મહેતા**★ગુજરાતી ભાષાની પ્રથમ હાસ્યનવલ આપનાર લેખક કોણ હતા?**રમણલાલ નીલકંઠ**★ઈ.સ. ૧૮૪૯ ગુજરાતી ભાષામાં પ્રથમ સામાહિક કોણે પ્રકાશિત કર્યું? **એલેકઝાન્ડર કિન્લોક ફોર્બ્સ** ★લક્ષ્મી લાડલી યોજના અંતર્ગત કન્યા ૨૧ વર્ષની થતાં તેને કેટલી રકમ ચૂકવવામાં આવે છે?**એક લાખ રૂપિયા**★ગુજરાતી મહાનવલ 'સરસ્વતી ચંદ્ર'ના લેખક કોણ છે?**ગોવર્ધનરામ ત્રિપાઠી**★ગુજરાતમાં સૌ પ્રથમ એમ.એ.ની પદવી કોણે મેળવી હતી? **અંબાલાલ સાંકરલાલ દેસાઇ**★ગુજરાતનાં કયા અગ્રણી ઉદ્યોગપતિએ કેલિકો મિલની સ્થાપના કરી હતી?**અંબાલાલ સારાભાઇ**★જુદી-જુદી રાજ્ય સરકારો દ્વારા અમલમાં મુકવામાં આવેલ લક્ષ્મી લાડલી યોજનાનો પ્રારંભ કયા રાજ્ય દ્વારા થયો હતો? **ગુજરાત** ★ગુજરાતના જાણીતા ભીલ લોકગાયિકા કોણ હતાં?**દિવાળીબહેન ભીલ**★ગાંધીજીએ કયા સ્વાતંત્ર્ય સેનાની મહિલાને શસ્ત્ર રાખવાની છૂટ આપી હતી ?**પૂર્ણિમાબહેન પકવાસા**★ભારતની સૌ પ્રથમ મોર્ડન ડાયસ્ટફ કંપની કોણે સ્થાપી ?**કસ્તુરભાઈ લાલભાઈ** ★કન્યાઓને આર્થિક સદ્ધરતા બક્ષવા કેન્દ્ર સરકાર દ્વારા અમલી બનાવવામાં આવેલ લાડલી યોજના અન્ય કયા નામથી જાણીતી છે?**ધનલક્ષ્મી કાર્યક્રમ**★હિંદી ફિલ્મોના જાણીતા ગુજરાતી અભિનેતા સંજીવકુમારનું મૂળ નામ જણાવો.**હરિલાલ જરીવાલા**★ભાવનગરના કયા દીવાનને લોકો આજે પણ તેમની તિક્ષ્ણ બુદ્ધિપ્રતિભા અને લોકોપયોગી કાર્યોને કારણે યાદ કરે છે?**પ્રભાશંકર પટ્ટણી**★ગાંધીજી યુવા કાળે દક્ષિણ આફ્રિકામાં કઇ કંપનીની તરફેણમાં કેસ લડવા ગયા હતા? **દાદા અબદુલ્લા એન્ડ કંપની**★ ગુજરાતમાં વેદમંદિરોના સ્થાપક કોણ હતા?**સ્વામી ગંગેશ્વરાનંદજી**★ઈંગ્લૅંડ જનારા સૌપ્રથમ ગુજરાતી સાહિત્યકાર કોણ હતા?**મહિપતરામ નીલકંઠ** ★ગુજરાતનું પ્રથમ તેલક્ષેત્ર કયાં આવેલું છે ?**લુણેજ**★ગુજરાત સરકારની વિશિષ્ટ યોજના મમતા તરુણી અભિયાનનો ઉદ્દેશ્ય શું છે?**તરુણીને પૌષ્ટિક ખોરાક પૂરો પાડી તંદુરસ્તી બક્ષવી**★ગીરાધોધ કઇ નદી પર આવેલો છે ?**અંબિકા**★સુરત પાસે કયો દરિયાકિનારો પ્રખ્યાત છે ? **ડુમ્મસ**★દક્ષિણ ગુજરાતમાં કયું હવા ખાવાનું સ્થળ આવેલું છે ? **સાપુતારા**★મમતા તરુણી અભિયાન એ ગુજરાત સરકારના કયા મહત્વાકાંક્ષી પ્રોગ્રામ હેઠળ ચાલી રહેલ ઝુંબેશ છે?**સ્કુલ હેલ્થ પ્રોગ્રામ**★કયા શહેરને ફૂલોનું શહેર કહેવામાં આવે છે ? **પાલનપુર**★'પીરોટન' ટાપુ સૌરાષ્ટ્રના કયા જિલ્લામાં આવેલ છે ? **જામનગર**★જૂનાગઢમાં ઉપરકોટમાં કઇ વાવ જોવાલાયક છે ?**અડી કડીની વાવ**★મહિલાઓને સ્વાસ્થ્ય બક્ષવા માટે ગુજરાત સરકારે શરૂ કરેલી યોજનાનું નામ જણાવો.**મમતા અભિયાન**★કચ્છમાં ગુજરાતનું કયું ખાનગી આધુનિક બંદર આવેલું છે ?**મુન્દ્રા**★ગુજરાતનું સૌથી મોટું બંદર કયું છે ?**કંડલા**★નારાયણ સરોવર મંદિર કયા જિલ્લામાં આવેલું છે?**કચ્છ**★મહિલાઓને સ્વાસ્થ્ય બક્ષનારી ગુજરાત સરકારની મહત્વાકાંક્ષી યોજના મમતા અભિયાનનો પ્રારંભ કરનારા મુખ્યમંત્રીનું નામ જણાવો.**નરેન્દ્ર મોદી**★ગુજરાતના કુલ કેટલા મુખ્ય બંધ આવેલા છે? **પાંચ**★નર્મદા નદી કયા કયા રાજયોમાંથી પસાર થાય છે ? **મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાત** ★દાંતીવાડા બંધ કઇ નદી પર બાંધવામાં આવેલો છે ?**બનાસ નદી**★રોગી કલ્યાણ સમિતિ યોજના હેઠળ ગુજરાત સરકાર દ્વારા કેટલા રૂપિયાનું ભંડોળ ઊભું કરવામાં આવ્યું છે?**રૂપિયા ૪ કરોડ**★સિક્કા થર્મલ પાવર સ્ટેશન કયાં આવેલું છે ? **જામનગર**★ગુજરાતના કયા બંધને 'મેગા પ્રોજેક્ટ' તરીકે ગણવામાં આવે છે ?**ઉકાઈ બંધ**★ગુજરાતનું 'નેશનલ મરીન પાર્ક' કયાં આવેલું છે? **જામનગર**★રોગી કલ્યાણ સમિતિ યોજનાનો ઉદ્દેશ્ય શું છે?**ગરીબી રેખા નીચેના દર્દીને વિનામૂલ્યે ખર્ચાળ સારવાર પૂરી પાડવી**★ખંભાતના અખાતમાં કયો બેટ આવેલો છે ?**અલિયા બેટ**★જામનગર પાસે કયા ટાપુનો સમૂહ છે ?**પિરોટન**★


**ગુજરાતના યુવાધનની આંગળીના ટેરવે હવે આખુ વિશ્વ**



યુવાઓને
માત્ર રૂા.૧૦૦૦ની ટોકન કિંમતે
રૂા. ૮૦૦૦ની કિંમતનું ટેબલેટ

વધુ ૩,૫૦,૦૦૦ વિદ્યાર્થી
ભાઈ-બહેનોને સીધો લાભ

સૌનો સાથ સૌનો વિકાસ

**નવીન ભારત માટે યુવા શક્તિનો ઉપયોગ**

ગુજરાતમાં ચાલુ શૈક્ષણિક વર્ષમાં કોલેજ અને પોલિટેક્નીકમાં
પ્રવેશ મેળવનાર વિદ્યાર્થી ભાઈ-બહેનોને મળશે ટેબલેટ
યોજનાનો લાભઃ રૂા. ૨૦૦ કરોડ ખર્ચાશે

સૌનો સાથ સૌનો વિકાસ



નર્મદા ડેમ નજીક નિર્માણાધીન સરદાર પટેલની પ્રતિમાની ઊંચાઈ કેટલી રાખવામાં આવી છે?૧૮૨ મીટર ★અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવેને કયા વર્ષમાં ખુલ્લો મૂકવામાં આવ્યો હતો?વર્ષ ૨૦૦૩માં★વર્ષ ૨૦૦૩માં અમદાવાદ-વડોદરા એક્સપ્રેસ હાઈવેનું લોકાર્પણ તત્કાલિન કયા વડાપ્રધાને કર્યું હતું?અટલ બિહારી વાજપેયી★કાંકરીયા તળાવના ફરતે દોડતી ટ્રેનનું નામ શું આપવામાં આવ્યું છે?અટલ એક્સપ્રેસ ★સરદાર સરોવરમાંથી ઓવરફ્લો થઈને દરિયામાં વહી જતું પાણી હવે કંઈ યોજના હેઠળ સૌરાષ્ટ્રના જળાશયોમાં પહોંચાડવામાં આવશે?સૌની યોજના★ 'સૌની'(સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરિગેશન) યોજનાથી ગુજરાતના કેટલાં જિલ્લાઓમાં સિંચાઈ ક્ષેત્રે લાભ થશે?સાત જિલ્લામાં★ 'સૌની'(સૌરાષ્ટ્ર નર્મદા અવતરણ ઈરિગેશન) યોજનાથી સૌરાષ્ટ્રના કેટલાં ગામોને સિંચાઈનો લાભ મળશે?અંદાજે નવસો★વરિષ્ઠ નાગરિકોને યાત્રાધામોની મુલાકાત લેવા અર્થે કઈ યોજના અમલમાં મૂકવામાં આવી છે?શ્રવણ તીર્થ દર્શન યોજના★રાજ્ય સરકાર દ્વારા પ્રથમ આદિજાતિ યુનિવર્સિટી કયા જિલ્લામાં સ્થાપવાનું ઠરાવવામાં આવ્યું છે?નર્મદા જિલ્લામાં★પંડિત દીનદયાળ ઉપાધ્યાયના જન્મ શતાબ્દી વર્ષને કેવી રીતે ઉજવવાનો નિર્ણય કરવામાં આવ્યો છે?ગરીબ કલ્યાણ વર્ષ તરીકે★દેશની સૌપ્રથમ લેસર ટેકનોલીજીથી સજ્જ એવીએમએસ ચેકપોસ્ટનું નિર્માણ ગુજરાતમાં કઈ ચેકપોસ્ટથી કરવામાં આવ્યું છે?શામળાજી★શામળાજી ખાતે દેશની સૌપ્રથમ લેસર ટેકનોલોજીથી સજ્જ એવીએમએસ ચેકપોસ્ટનો શુભારંભ ક્યારથી થયો છે?ડિસેમ્બર, ૨૦૧૬★૨૦૧૫માં શરૂ થયેલા સ્માર્ટ સિટીઝ મિશન અંતર્ગત જાહેર થયેલાં પ્રથમ સો શહેરોની યાદીમાં ગુજરાતના કેટલા શહેરોને સમાવવામાં આવ્યા છે?છ શહેરોને★૨૦૧૫માં શરૂ થયેલા સ્માર્ટ સિટીઝ મિશન અંતર્ગત જાહેર થયેલી પ્રથમ સો શહેરોની યાદીમાં સૌરાષ્ટ્રના કયા શહેરને સમાવવામાં આવ્યું છે?રાજકોટ★એપ્રિલ, ૨૦૧૭માં બાંધકામ ક્ષેત્રના શ્રમિકોના ઓછી કિંમતે આહાર મળી રહે તે માટે કઈ યોજના લાગુ કરવામાં આવી છે?ગુજરાત શ્રમિક અન્નપુર્ણા યોજના★સ્વચ્છ સર્વેક્ષણ એવોર્ડ-૨૦૧૭માં ગુજરાતનું કયું શહેર રાજ્યમાં સૌથી સ્વચ્છ જાહેર થયું છે?સુરત★સ્વચ્છ સર્વેક્ષણ એવોર્ડ-૨૦૧૭માં ગુજરાતના કયા બે શહેરો ટોપ-૧૦માં આવ્યા છે?સુરત અને વડોદરા★૨૦૧૭ના રાજ્ય સરકારના બજેટમાં કયા પર્યટન સ્થળે સૌથી મોટું એક્વેરિયમ નિર્માણ કરવાની જોગવાઈ કરવામાં આવી છે?સોમનાથ★કંઈ યોજના અંતર્ગત ગરીબ અને દુર્ગમ વિસ્તારોમાં માતૃત્વ ધારણ કરનારી ગર્ભવતી તમામ પ્રકારની સહાય પૂરી પાડવામાં આવે છે?માતૃવંદના યોજના★ગ્રામીણ વિસ્તારોમાં સિંગલ ફેઝ ૨૪ કલાક વીજળીની સુવિધા આપનારું દેશનું પ્રથમ રાજ્ય કયું છે?ગુજરાત★રાજ્યના યુવક-યુવતીઓની રમત સંબંધી સુષુપ્ત શક્તિઓને બહાર લાવવા માટે ગુજરાત સરકારની કઈ યોજના કાર્યરત છે?શક્તિદૂત યોજના★રમતગમત ક્ષેત્રોના રમતવીરો એક મંચ પર એકત્રિત કરી તેઓની ક્ષમતાઓ વિકસે તે માટે રાજ્યમાં રમતગમતની કંઈ સ્પર્ધા યોજાય છે?ખેલ મહાકુંભ★રાજ્યના રમતવીરોને એક મંચ પર લાવતાં ખેલ મહાકુંભની શરૂઆત કયા વર્ષમાં કરવામાં આવી હતી? ૨૦૧૦ ★રાજ્યના પ્રવાસન કેન્દ્રોના વિકાસ અને જાહેરાત અર્થે જોરશોરથી ચલાવવામાં આવતું કેમ્પેઈન કયું છે?ખુશ્બુ ગુજરાત કી★રાજ્યને આંતરરાષ્ટ્રિય નાણાંકીય વ્યવસ્થાને કેન્દ્ર બનાવનારી ગીફ્ટ સીટી કયા શહેરમાં નિર્માણાધીન છે?ગાંધીનગર★ભારતને સૌથી વધુ વડાપ્રધાન કયા રાજ્યમાંથી મળ્યા છે?ઉત્તર પ્રદેશ★છત્તીસગઢમાં કુલ કેટલા જિલ્લા છે?૨૭★વિશ્વમાં પશુધનમાં ભારત કયા ક્રમે આવે છે? પ્રથમ ★છત્તીસગઢ રાજ્યનું પાટનગર કયું છે?રાયપુર★દેશમાં શણનું સૌથી વધુ ઉત્પાદન કયા રાજ્યમાં થાય છે?પશ્ચિમ બંગાળ★છત્તીસગઢ દેશનું કેટલામું રાજ્ય છે?૨૬મું★દેશમાં શેરડીનું ઉત્પાદન કયા રાજ્યમાં સૌથી વધુ થાય છે?ઉત્તર પ્રદેશ★મહાનદીનું ઉદગમ સ્થાન કયા રાજ્યમાં છે?છત્તીસગઢ★ભૌતિકશાસ્ત્રમાં નોબેલ પારિતોષિક મેળવનારા પ્રથમ ભારતીય કોણ હતા? સી.વી.રામન ★ કઈ રાજ્ય સરકારે ભ્રષ્ટાચાર રોકવા માટે ટૉલ ફ્રી નંબરની શરૂઆત કરી છે?છત્તીસગઢ★ઑસ્કારમાં લાઈફ ટાઈમ એચિવમેન્ટ મેળવનારા ભારતીય કોણ હતા?સત્યજીત રે★છત્તીસગઢમાં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવાર ડૉ. રમણસિંહ સતત કેટલામી વાર મુખ્યમંત્રી તરીકે ચૂંટાઈ આવ્યા છે?ત્રણવાર★પાકિસ્તાન સામે ટેસ્ટ મેચમાં અનિલ કુંબલેએ એક ઈનિંગમાં દસ વિકેટ કયા સ્ટેડિયમમાં ખેરવી હતી?ફિરોઝ શાહ કોટલા★મધ્ય પ્રદેશમાંથી અલગ રાજ્ય તરીકે છત્તીસગઢની સ્થાપના ક્યારે થઈ છે?૧, નવેમ્બર ૨૦૦૦ ★રમતગમતના સાધનો માટે પંજાબનું કયું શહેર વિખ્યાત છે? જલંધર★છત્તીસગઢની રાજભાષા કઈ છે?હિન્દી★સાત મોક્ષદાયિની નગરીઓમાંની એક નગરી ઉજ્જૈન કયા નદી કિનારે વસેલું છે?ક્ષિપ્રા★છત્તીસગઢમાં જિલ્લાઓની સંખ્યા કેટલી છે?૨૭★મહાત્મા ગાંધીના જન્મતિથિ સાથે દેશના કયા વડાપ્રધાનની પણ જન્મતિથિ આવે છે?લાલ બહાદુર શાસ્ત્રી★છત્તીસગઢની કઈ દિશામાં ઝારખંડ રાજ્યની સીમા આવે છે?ઉત્તર-પૂર્વ★મહાત્માના પુત્ર દેવદાસ ગાંધીએ કયા રાજકીય નેતાની પુત્રી સાથે લગ્ન કર્યાં હતા?સી. રાજગોપાલચારી ★પ્રાચીન કાળમાં છત્તીસગઢ ક્ષેત્ર કયા નામથી ઓળખાતું હતું?દક્ષિણ કોશલ★બ્રિટીશ સરકાર સામે રાજદ્રોહના આરોપસર પહેલીવાર મહાત્મા ગાંધીની ધરપકડ કયા શહેરમાં થઈ હતી? અમદાવાદ★ છત્તીસગઢનું ઉચ્ચ ન્યાયાલય ક્યાં આવેલું છે? બિલાસપુર★ગાંધીજીએ કયા શહેર ખાતે કાયમ માટે માથે મુંડન કરાવ્યું અને પોશાકમાં પોતડી અપનાવી?મદુરાઈ★


સૌની યોજના થકી જળાશયો છલકાયા, ખેડૂત પરિવારો મલકાયા




સૌની યોજનાથી
૧,૨૬,૨૭૭ એકર જમીનને
સિંચાઈનો ફાયદો

૧૫૦૦ કરોડના
કામોનું લોકાર્પણ
૧૬૯૫ કરોડના
કામોનો શુભારંભ

સૌનો સાથ સૌનો વિકાસ

સૌને પાણી મળી રહે તે માટે કટિબદ્ધ અને પ્રતિબદ્ધ સરકાર

નર્મદાના નીરથી
સૌની પ્યાસ અને આસ બુઝાય
તે માટે
ત્વરિત, અસરકારક અને વ્યાપક પગલાં

સૌનો સાથ સૌનો વિકાસ




2017

છત્તીગઢમાં રેલવે વેગનનું સમારકામ થાય તે કેન્દ્ર કયા શહેરમાં આવેલું છે?**રાયપુર**★મહાત્મા ગાંધીને બ્રિટીશ સરકાર તરફથી કૈસર-એ-હિંદનો ખિતાબ કયા વર્ષમાં આપવામાં આવ્યો હતો?**વર્ષ ૧૯૧૫**★છત્તીસગઢમાં કાજુ સંશોધન કેન્દ્ર ક્યાં સ્થાપવામાં આવ્યું છે?**બસ્તર**★બીજી ગોળમેજી પરિષદ દરમિયાન ગાંધીજીના સલાહકારની ભૂમિકા કોણે ભજવી હતી?**મદન મોહન માલવિયા**★છત્તીસગઢમાં ઇન્દ્રાવતી નેશનલ પાર્ક કયા જિલ્લામાં આવેલું છે?**દાંતેવાડા**★'ઇન ધ શેડો ઑફ ધ મહાત્મા: અ પર્સનલ મેમરી' નામના પુસ્તકમાં કયા ઉદ્યોગપતિએ મહાત્મા સાથેના અનુભવો વર્ણવ્યા છે?**ડિ. જી. બિરલા**★છત્તીસગઢ રાજ્યના કયા જિલ્લામાં સોનું અને સ્ફટીક મળી આવે છે?**રાજદણગાંવ**★અમદાવાદ ખાતે આવેલા સાબરમતી આશ્રમને અન્ય કયા નામથી ઓળખાય છે?**સત્યાગ્રહ આશ્રમ**★છત્તીસગઢ રાજ્યમાં મામા-ભાંજા નામનું ઐતિહાસિક મંદિર ક્યાં આવેલું છે?**બરસુર**★પ્રથમ આતંરરાષ્ટ્રિય ગાંધી શાંતિ પારિતોષિક કયા વર્ષે આપવામાં આવ્યો હતો?**વર્ષ ૧૯૯૫**★એશિયાનો પ્રથમ બાયો રિઝર્વ પાર્ક છત્તીસગઢ રાજ્યમાં ક્યાં આવેલો છે?**કાનકેર**★૧૯૪૮માં મહાત્મા ગાંધીની હત્યા થઈ ત્યારે તેઓ ક્યાં રહેતા હતા?**બિરલા હાઉસ**★છત્તીસગઢના કયા જિલ્લામાં ગોમરાડા અભયારણ્ય આવેલું છે?**રાયગઢ**★મહાત્મા ગાંધીની આત્મકથાનો અંગ્રજી અનુવાદ 'માય એક્સપરીમેન્ટ્સ વિથ ટ્રુથ' કોણે કર્યો છે?**મહાદેવ દેસાઈ**★છત્તીસગઢ દેશનું કેટલામું રાજ્ય છે?**છવ્વીસમું**★ભારતનું કયું રાજ્ય ઇશ્વરનો દેશ(અથવા ગોડ્સ આઉન કન્ટ્રી) તરીકે ઓળખાય છે?**કેરળ**★છત્તીસગઢ રાજ્યની રચના થઈ તેની પૃષ્ઠભૂમિમાં જઈએ તો તેનો શ્રેય કયા રાજકીય પક્ષને મળે છે?**ભારતીય જનતા પક્ષ**★પ્રથમ વિશ્વયુદ્ધમાં શહિદ થયેલા અસંખ્ય ભારતીઓને શ્રદ્ધાંજલિ આપવા માટે દિલ્હી ખાતે કયું સ્મારક બનાવવામાં આવ્યું છે?**ઇન્ડિયા ગેટ**★છત્તીસગઢ રાજ્યમાં સૌથી વધુ સાક્ષરતા દર ધરાવનારો જિલ્લો કયો છે?**દાંતેવાડા**★દેશની સૌથી લાંબી ભૂગર્ભ ગુફાઓની હારમાળા કયા રાજ્યમાં આવેલી છે?**મેઘાલય**★છત્તીસગઢ રાજ્ય કેટલાં ડિવિઝનમાં વહેચાયેલું છે?**ત્રણ**★ભારતમાં કુટુંબ નિયોજનના કાર્યક્રમની શરૂઆત કયા વર્ષમાં થઈ હતી?**વર્ષ ૧૯૫૨**★છત્તીસગઢ રાજ્યમાંથી લોકસભામાં પ્રતિનિધિત્વ કરનારાં સાંસદોની સંખ્યા કેટલી છે?**૧૧**★ભારતમાં સૌપ્રથમ વખત બ્લડ બૅન્કની શરૂઆત કરનાર કોણ હતું?**યુ. એન. બ્રહ્મચારી**★વીજળીના ઉત્પાદનના પ્રમાણમાં ઓછી વીજળી વપરાશ કરનારાં રાજ્યોમાં છત્તીસગઢનો ક્રમ કયો આવે છે?**પ્રથમ**★ભારતમાં રાષ્ટ્રિય એઇડ્સ નિયંત્રણ કાર્યક્રમની શરૂઆત કયા વર્ષે થઈ હતી?**વર્ષ ૧૯૮૭**★છત્તીસગઢ રાજ્યમાંથી રાજ્યસભામાં પ્રતિનિધિત્વ કરનારાં સાંસદોની સંખ્યા કેટલી છે?**પાંચ**★ભારતમાં કયા શહેરમાં પ્રથમ મેડિકલ કાલેજ શરૂ થઈ હતી?**કોલકાતા**★છત્તીસગઢ રાજયમાં રોજગારી કચેરીનું મુખ્યાલય ક્યાં આવેલું છે?**દુર્ગ**★રાજસ્થાનમાં આવેલ કયા રાષ્ટ્રિય ઉદ્યાનમાં ૩૭૫ પ્રકારના જુદા જુદા પક્ષીઓ જાવા મળે છે, જે ઉદ્યાનને યુનેસ્કો દ્વારા વૈશ્વિક વારસાની યાદીમાં સમાવાયું છે?**કેઓલાડિઓ નેશનલ પાર્ક**★છત્તીસગઢમાં મંદિરોના શહેર તરીકે કયા સ્થળને ઓળખાય છે?**ઓરંગ**★રાજસ્થાનમાં આવેલો હવા મહલ કયા રાજવીએ બંધાવેલો છે?**સવાઈ પ્રતાપસિંહ**★છત્તીસગઢમાં કયા જિલ્લાના છ ખાણોમાંથી કલઈ ધાતુ મળી આવે છે?**દાંતેવાડા**★યુનેસ્કોએ વર્લ્ડ હેરિટેજ સાઈટ તરીકે જાહેર કરેલા કયું રાષ્ટ્રિય ઉદ્યાન ભારત અને બાંગ્લાદેશની સરહદ વચ્ચે છે?**સુંદરવન રાષ્ટ્રિય ઉદ્યાન**★છત્તીસગઢની જાણીતી જૂટ મિલ જેને મોહન જૂટ મિલ કહેવામાં આવે છે, તે કયા જિલ્લામાં સ્થિત છે? **રાયગઢ**★ગોવા ખાતે પોર્ટુગીઝ શાસનમાં નિર્માણ પામેલું કયું ચર્ચ એશિયાનું સૌથી લાંબુ(મોટું) ચર્ચ મનાય છે?**સેન્ટ કેથેડ્રલ** ★ છત્તીસગઢમાં કયા ખનિજનો સર્વાધિક ભંડાર મળે છે?**કોલસો**★ઇ.સ. ૧૫૮૮માં હજરત મિઆન મિરજીએ પંજાબના કયા મંદિરનું શિલારોપણ કર્યું હતું?**સુવર્ણ મંદિર**★કયા વર્ષમાં છત્તીસગઢના દેશી રજવાડાઓ ભારત સંઘમાં સામેલ થયા હતા?**જાન્યુઆરી, ૧૯૪૮**★ઉત્તર પ્રદેશની રાજધાની લખનઉ શહેર કયા નદીના કિનારે વસેલું છે?**ગોમતી**★છત્તીસગઢમાં આવેલાં બિલાસપુર નજીક કયું ઔદ્યોગિક વિકાસ કેન્દ્ર સ્થાપના થઈ છે? **સિરગિટ્ટી**★'રિઝર્વ બૅન્ક ઑફ ઇન્ડીયા'નું વડું મથક ક્યાં આવેલું છે? **મુંબઈ**★છત્તીસગઢમાં કંઈ નદી પશ્ચિમ તરફ વહે છે?**ઇંદ્રાવતી નદી**★સ્વામી દયાનંદ સરસ્વતીએ આર્ય સમાજની સ્થાપના કયા શહેરમાં કરી હતી?**મુંબઈ**★છત્તીસગઢમાં પ્રથમ વિદ્યુત ઉત્પાદન કેન્દ્રની(ફર્સ્ટ ઇલેક્ટ્રિક પ્રોડક્શન સેન્ટર) સ્થાપના કયા દેશના સહયોગથી થઈ છે? **અમેરિકા**★વસતીની દ્રષ્ટિએ ભારતનું નાનામાં નાનું રાજ્ય કયું છે? **સિક્કિમ**★છત્તીસગઢ રાજ્યમાં નવી ઉદ્યોગ નીતિ કયા વર્ષથી લાગુ થઈ છે? **૧, નવેમ્બર ૨૦૧૪**★'સાઇલન્ટ વેલી' કયા રાજ્યમાં આવેલી છે? **કેરળ**★કયા વર્ષમાં છત્તીસગઢ રાજ્યના બ્રિટીશ ક્ષેત્રને મધ્ય પ્રાંત(સેન્ટ્રલ પ્રોવિન્સિસ)માં સામેલ કરવામાં આવ્યા હતા?**સન ૧૮૬૧માં** ★ રાજસ્થાનમાં આવેલું માઉન્ટ આબુ હિલ સ્ટેશન કઈ પર્વતમાળામાં આવેલું છે?**અરવલ્લી**★

**તરુણ વર્ગ (ધોરણ ૯-૧૨)ના સ્પર્ધકોના પ્રશ્નો અહીં પૂર્ણ થાય છે.**
**તેમણે અહીં સુધી તૈયારી કરવી.**

શિયાળામાં નળ સરોવરની મુલાકાતે આવતા યાયાવર પક્ષીઓમાં સૌથી વિશેષ આકર્ષણ કયા પક્ષીઓનું હોય છે?**સૂરખાબ (ફ્લેમિંગો)**★ગુજરાત રાજ્યમાં અમલમાં મુકાયેલ વિશિષ્ટ યોજના અભયમ્ ૧૮૧નો ઉદ્દેશ્ય જણાવો.**મહિલાઓના ઉત્પીડનને રોકવું**★આજવા ડેમ કોણે બનાવ્યો હતો?**મહારાજા સયાજીરાવ ગાયકવાડ**★દ્વારકાનું મંદિર કઇ નદીના કાંઠા ઉપર આવેલું છે?**ગોમતી નદી**★ગુજરાતનું સૌથી ઊંચું પર્વતશિખર કયું છે?**ગોરખનાથ-ગિરનાર** ★મહિલા ઉત્પીડનના અટકાવવા અમલી બનાવવામાં આવેલ અભયમ્ યોજના અંતર્ગત મહિલાએ કયા નંબર પર ફોન કરવાનો રહે છે?**૧૮૧**★ગુજરાતના કયા જોવાલાયક બંદરનો ફ્રી ટ્રેડ ઝોન તરીકે વિકાસ થયો છે?**કંડલા**★અંબાજીની નજીકમાં આવેલું કયું સ્થળ તેની આરસ પરની અદભૂત કોતરણી માટે જાણીતું છે?**કુંભારિયાનાં દેરા**★ગૂજરાત વિદ્યાપીઠના પ્રથમ કુલપતિ કોણ હતા?**મહાત્મા ગાંધી**★મહિલા ઉત્પીડનના અટકાવવા અમલી બનાવવામાં આવેલ અભયમ્ યોજના અંતર્ગત મહિલાને શું પૂરું પાડવામાં આવે છે?**કાઉન્સેલિંગ**★'CEPT'નું આખું નામ શું છે ?**સેન્ટર ફોર એન્વાર્યમેન્ટ પ્લાનિંગ એન્ડ ટેકનોલોજી**★અટિરાનું આખું નામ શું છે ? **અમદાવાદ ટેકસટાઇલ ઈન્ડસ્ટ્રીઝ એન્ડ રીસર્ચ એસોસિએશન** ★ગુજરાતની સૌપ્રથમ લૉ યુનિવર્સીટી કયાં આવેલી છે? **ગાંધીનગર** ★ગુજરાત સરકારની વિશિષ્ટ યોજના જેન્ડર રિસોર્સ સેન્ટરનો ઉદ્દેશ્ય શું છે?**સ્ત્રી-પુરુષ વચ્ચેના ભેદભાવો દૂર કરવા**★ગુજરાતના પ્રથમ મહિલા કુલપતિ કોણ હતા? **હંસા મહેતા**★ગુજરાતી ભાષાના પ્રાચીન હસ્તલિખિત પુસ્તકોના સંગ્રહ માટે કઇ સંસ્થા કાર્યરત હતી?**ફાર્બસ ગુજરાતી સભા**★સર્વોચ્ચ અદાલતના સૌપ્રથમ ગુજરાતી ન્યાયમૂર્તિ કોણ હતા?**હરિલાલ કણિયા**★ગુજરાત સરકારની કઈ યોજના અંતર્ગત સ્ત્રીઓની દયનીય સ્થિતિ સુધારી તેને માતાનો દરજ્જો આપવામાં આવે છે?**માતૃવંદના યોજના**★અમદાવાદના પ્રથમ મેયર કોણ હતા ? **ચિનુભાઇ ચિમનભાઇ બેરોનેટ**★અમદાવાદનો ભદ્રનો કિલ્લો કયા વર્ષમાં બંધાયો હતો ?**ઇ.સ. ૧૪૧૧**★દ્વારકાધીશનું નિજમંદિર સૌ પ્રથમવાર કોણે બંધાવ્યું હતું?**વ્રજનાભ**★ગુજરાત સરકારની કઈ યોજના અંતર્ગત ગરીબ પરિવારની સગર્ભા મહિલાઓને દર મહિનાની ૯મી તારીખે તબીબી સારવાર પૂરી પાડવામાં આવે છે? **માતૃવંદના યોજના** ★પંચમહાલ ભીલ સેવામંડળની સ્થાપના કોણે કરી? **ઠક્કરબાપા** ★ટોલ્સટોયની 'વૉર એન્ડ પીસ' મહાનવલનો ગુજરાતી અનુવાદ કોણે કર્યો છે? **જયંતિ દલાલ**★ગાંધીજીને રાજકારણમાં પ્રવેશતા અગાઉ એક વર્ષ સુધી રાજકારણનો અભ્યાસ કરવાનું કઈ વિદેશી મહિલાએ સૂચવ્યું હતું? **એની બેસન્ટ**★ભારત સરકારની મહત્વાકાંક્ષી યોજના બાળ સ્વચ્છતા મિશનનો પ્રારંભ કરનાર વડા પ્રધાનનું નામ જણાવો.**નરેન્દ્ર મોદી**★શ્રી અરવિંદ ઘોષ ગુજરાતમાં કઇ યુનિવર્સિટીમાં અંગ્રેજીના અધ્યાપક તરીકે ફરજ બજાવતા હતા? **મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી-વડોદરા** ★ગુજરાતમાં અમદાવાદ ખાતે પહેલી લો કોલેજ સ્થાપનાર કોણ હતા?**સર લલ્લુભાઇ આશારામ શાહ**★કેન્દ્રીય ધારાસભાનાં પ્રથમ ગુજરાતી અધ્યક્ષ કોણ હતા? **વિઠ્ઠલભાઇ પટેલ**★બાળ સ્વચ્છતા મિશનનું સંચાલન અને મોનિટરિંગ ભારત સરકારના કયા વિભાગ દ્વારા કરવામાં આવી રહ્યું છે?**મહિલા અને બાળ વિકાસ મંત્રાલય**★નવસારી કઇ નદીના કિનારે આવેલું છે ?**પૂર્ણા**★ગુજરાતમાં સૌથી જૂનું મ્યુઝિયમ કયું છે? **કચ્છ મ્યુઝિયમ**★હેમચંદ્રાચાર્યે સ્થાપેલું જ્ઞાનમંદિર ગુજરાતમાં કયાં આવેલું છે ?**પાટણ**★ભારત સરકારની મહત્વાકાંક્ષી યોજના બાળ સ્વચ્છતા મિશનનો ઉદ્દેશ્ય શું છે?**બાળકોમાં સ્વચ્છતા અને સ્વાસ્થ્યના સંસ્કાર વિકસાવવા**★કચ્છ જિલ્લાનું વડુમથક કયું છે ?**ભુજ**★ગુજરાતના કયા જિલ્લાને સૌથી લાંબો દરિયા કિનારો મળેલો છે ?**જામનગર**★સૌરાષ્ટ્રનો ઉચ્ચપ્રદેશ શેનો બનેલો છે ? **બેસાલ્ટનાં અગ્નિકૃત ખડક**★કેન્દ્ર સરકારની યોજના સુકન્યા સમૃદ્ધિ યોજનાનો ઉદ્દેશ્ય શું છે?**કન્યાઓને આર્થિક સમૃદ્ધિ બક્ષવી**★ગુજરાતની અધિકતમ બારમાસી નદીઓ કયા પંથકમાંથી વહે છે ?**દક્ષિણ ગુજરાત**★પોરબંદર અને જામનગર જીલ્લાને જોડતો કયો ડુંગર છે ?**બરડો**★ગુજરાતમાં કયા મોસમી પવનો વરસાદ આપે છે?**નૈઋત્યકોણીય**★કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી યોજના સુકન્યા સમૃદ્ધિ યોજનાનો પ્રારંભ કયા વર્ષે થયો હતો?**વર્ષ ૨૦૧૫**★ગુજરાતની કઇ નદી દર વર્ષે રેતીના ઢગમાં ફેરવાય છે?**કોલક** ★ગુજરાત પ્રવાસન નિગમની સ્થાપના કયારે થઇ ?**ઇ.સ. ૧૯૭૫**★ગુજરાતની ઉત્તર સરહદે પથરાયેલી પર્વતમાળા કઇ છે?**અરવલ્લી**★કેન્દ્ર સરકારની મહત્વાકાંક્ષી યોજના સુકન્યા સમૃદ્ધિ યોજનાનું સ્વરૂપ કેવું છે?**માસિક બચત યોજના**★ગુજરાતનું પહેલું પુસ્તકાલય કયું છે ?**હીમાભાઈ ઈન્સ્ટીટ્યુટ** ★શાહજહાંએ બંધાવેલો મોતીશાહી મહેલ કયાં આવેલો છે? **અમદાવાદ** ★કોના શાસનકાળ દરમ્યાન ગુજરાતનું પાટનગર અમદાવાદથી ચાંપાનેર ખસેડાયું?**મહંમદ બેગડો** ★કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલી માતા યશોદા ભવિષ્ય નિધિ યોજના કોના માટેની એક સામાજિક સુરક્ષા યોજના છે?**આંગણવાડી કાર્યકરો અને તેડાગરની બહેનો**★


**સ્વચ્છતા ક્ષેત્રે ગુજરાત અગ્રેસર**



દેશના **પ્રથમ ૫૦ સ્વચ્છ શહેરોમાં** ગુજરાતના **૪૨ શહેરો**


**સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૧૭** સ્પર્ધામાં ગુજરાતની ૮ મહાનગરપાલિકા અને ૨૩ નગરપાલિકા મળી કુલ **૩૧ 'અમૃત' શહેરોનો સમાવેશ**

સૌનો સાથ સૌનો વિકાસ

**સ્વચ્છ ભારતના નિર્માણ માટે સંપૂર્ણ કટિબદ્ધતા**

**સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વ્યક્તિગત અને સામુદાયિક સ્વચ્છતા એ આપણા સૌની પ્રાથમિકતા બની રહે**


સૌનો સાથ સૌનો વિકાસ




અમદાવાદથી સુરત વચ્ચે રેલવેની પ્રથમ શરૂઆત ક્યારે થઇ ?**૨૦-૦૧-૧૮૬૩** ★ભારતની બંધારણીયસભામાં મુસદ્દા સમિતિમાં કઇ ગુજરાતી વ્યકિતએ મહત્વનું યોગદાન આપ્યું છે?**કનૈયાલાલ મુન્શી** ★ગુજરાતની ભૌગોલિક સીમાઓનો વિસ્તાર કયા કુળનાં શાસનમાં સૌથી વધારે થયો? **સોલંકી વંશ** ★આંગણવાડી તથા તેડાગર બહેનોને માતા યશોદા ભવિષ્ય નિધિ અંતર્ગત કેટલા રૂપિયાનું વીમાકવચ પૂરું પાડવામાં આવે છે? **રૂ. ૫૦,૦૦૦**★અંગ્રેજ સમયમાં સરકારી કેળવણીનો બહિષ્કાર કરવા માટે કઇ સંસ્થા સ્થાપવામાં આવી?**ગૂજરાત વિદ્યાપીઠ** ★ગૂજરાત વિદ્યાપીઠને ડીમ્ડ યુનિવર્સિટીનો દરજ્જો કયારે મળ્યો? **ઈ.સ.૧૯૬૩** ★ ગુજરાતમાં સર્વપ્રથમ આયુર્વેદ કોલેજની સ્થાપના કયાં અને કયારે થઈ હતી?**પાટણ-ઈ.સ.૧૯૨૩**★ગુજરાત સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલી બાલ સખા યોજનાનો ઉદ્દેશ્ય શું છે?**ગરીબ પરીવારના નવજાત શિશુનો બાળમૃત્યુ દર અટકાવવો**★ગુજરાતની સૌપ્રથમ કોમર્સ કોલેજનું નામ આપો. **એચ.એલ. કોમર્સ કોલેજ-અમદાવાદ - ઈ.સ.૧૯૩૭** ★ ગુજરાતની કૃષિ યુનિવર્સિટીઓનું વડું મથક કયું છે? **દાંતીવાડા** ★ ગુજરાત યુનિવર્સિટીના પ્રથમ કુલપતિ કોણ હતા?**હરસિદ્ધભાઈ દિવેટિયા**★ગરીબ પરિવારના બાળકોને ગુજરાત સરકારની બાલભોગ યોજના અંતર્ગત પૌષ્ટિક આહારનો લાભ ક્યાં મળે છે? **આંગણવાડી** ★ ભારત - પાકિસ્તાનના ભાગલા પછી બંને દેશોની મિલકત અને જવાબદારીઓની વહેંચણીમાં મહત્ત્વની ભૂમિકા ભજવનાર ગુજરાતી કોણ હતા? **એચ. એમ. પટેલ**★કયા ગુજરાતી ઇંગ્લેંડની ઉમરાવ સભાના સદસ્ય તરીકે નિમાયા હતા?**લોર્ડ મેઘનાદ દેસાઇ**★દાંડીકૂચ દરમિયાન પોતાની ધરપકડ થાય તો દાંડીકૂચનું નેતૃત્વ કરવા માટે ગાંધીજીએ કોની પસંદગી કરી હતી?**અબ્બાસ તૈયબજી**★આંગણવાડી કાર્યકર તથા તેડાગર બહેનો માટે સાડી યોજનાનો ગુજરાત સરકાર દ્વારા ક્યારે પ્રારંભ કરવામાં આવ્યો હતો?**વર્ષ ૨૦૦૭**★આદિવાસીઓના ઉત્થાન માટે દક્ષિણ ગુજરાતમાં વેડછી ખાતે આશ્રમશાળા કોણે સ્થાપી હતી? **જુગતરામ દવે**★જાણીતી શૈક્ષણિક સંસ્થા વલ્લભ વિદ્યાનગર અને ચરોતર એજ્યુકેશન સોસાયટીના આદ્યસ્થાપક કોણ હતા? **ભાઈલાલભાઈ પટેલ**★સ્વાતંત્ર્ય ચળવળનું ચિહ્ન 'ચક્ર' રાખવાનું ગાંધીજીને કોણે સૂચવ્યું હતું?**ગંગાબેન મજમુદાર**★માતા યશોદા પુરસ્કાર યોજનાનો પ્રારંભ કયા વર્ષથી થયો હતો?**વર્ષ ૨૦૦૭**★ત્રણેય દિલ્હી દરબારમાં હાજર રહેલા એક માત્ર રાજવીનું નામ આપો. **ખેંગારજી ત્રીજા**★ચંદ્રગુપ્ત મૌર્યે જૂનાગઢમાં કયું જળાશય બંધાવ્યુ હતું? **સુદર્શન તળાવ** ★ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના કયારે થઇ હતી ?**ઈ.સ.૧૯૪૯**★ગુજરાત સરકારની વિશિષ્ટ યોજના માતા યશોદા પુરસ્કારનો પ્રારંભ કરનાર મુખ્યમંત્રીનું નામ જણાવો.**નરેન્દ્ર મોદી**★ગાંધીજીના નઇ તાલીમ શિક્ષણ વિચારના તત્ત્વો સૌપ્રથમ કયા કમિશનની ભલામણમાં જોવા મળ્યા હતા? **કોઠારી કમિશન (૧૯૬૪-૬૬)**★કયા ગુજરાતી મહિલા સ્વાતંત્ર સેનાની મ.સ. યુનિ.ના કુલપતિ પણ રહી ચૂકયા છે?**ડૉ. હંસાબેન મહેતા**★અમદાવાદના એલિસબ્રિજના સ્થપતિ કોણ હતા? **રાવ બહાદુર હિંમતલાલ ધીરજરામ**★માતા યશોદા પુરસ્કાર યોજના અંતર્ગત રાજય કક્ષાએ પ્રથમ આવનાર આંગણવાડી કાર્યકર અને તેડાગર બહેનોને અનુક્રમે કેટલા રૂપિયાનું ઇનામ આપવામાં આવે છે?**રૂ. ૫૧,૦૦૦ અને રૂ. ૩૧,૦૦૦** ★ ગુજરાતમાં વર્નાકયુલર સોસાયટીની સ્થાપના કોણે કરી ?**એલેકઝાન્ડર કિન્લોક ફોર્બ્સ** ★ગુજરાતી ગૃહિણીઓમાં અપાર લોકચાહના મેળવનાર 'ઘરઘરની જ્યોત' કૉલમના લેખિકા કોણ હતાં? **વિનોદીની નીલકંઠ**★ભારતનું બંધારણ ઘડવામાં ડૉ.બી.આર.આંબેડકર સાથે મહત્વની ભૂમિકા ભજવનાર ગુજરાતી મહાનુભાવ કોણ હતા? **કનૈયાલાલ મુનશી**★સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવા ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ વિશિષ્ટ અભિયાનનું નામ જણાવો. **બેટી બચાવો અભિયાન** ★ અમદાવાદમાં સૌપ્રથમ આયુર્વેદિક કોલેજની સ્થાપના કોણે કરી હતી? **ભિક્ષુ અખંડાનંદ**★મેશ્વો બંધ યોજનાનું સ્થળ કયું છે ? **શામળાજી** ★પાલનપુર નજીક કયો રીસોર્ટ આવેલો છે ?**બાલારામ રીસોર્ટ**★સ્ત્રી ભ્રૂણ હત્યા અટકાવવા ગુજરાત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ બેટી બચાવો અભિયાન કઈ યોજનાનો એક ભાગ છે? **માતૃવંદના** ★ ગુજરાતના કયા જિલ્લામાં ઘોરડ પક્ષી જોવા મળે છે? **કચ્છ** ★ લોકભારતી, સણોસરા દ્વારા વિકસાવવામાં આવેલી ઘઉંની જાત જણાવો. **લોકવન**★દ્વારકા અને ઓખા વચ્ચે આવેલો પંથક કયા નામે ઓળખાય છે? **ઓખા મંડળ**★ગુજરાતના મુખ્યમંત્રી તરીકે નરેન્દ્ર મોદીએ શરૂ કરેલ બેટી બચાવો યોજનાને તેમણે વડા પ્રધાન બન્યા બાદ કયા સ્વરૂપે રાષ્ટ્રીય યોજના તરીકે લાગુ કરી?**બેટી બચાવો, બેટી પઢાઓ** ★કાનમનો પ્રદેશ કયા પાક માટે જાણીતો છે?**કપાસ**★જુનાગઢમાં આવેલા ઐતિહાસિક કિલ્લાનું નામ શું છે ?**ઉપરકોટનો કિલ્લો** ★સુપ્રસિદ્ધ પુરાતત્ત્વશાસ્ત્રી ડૉ. હસમુખ સાંકળિયાએ કયા ગામના ટિંબાનું ઉત્ખનન કરીને ગુજરાતમાં પાંગરેલી પ્રાગઐતિહાસીક સંસ્કૃતિના પુરાવા મેળવ્યા હતા? **લાંઘણજ** ★વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા બેટી બચાવો, બેટી પઢાઓ યોજનાને કયા વર્ષથી લાગુ કરવામાં આવી હતી? **વર્ષ ૨૦૧૫**★ગુજરાત રાજયનો સ્થાપનાનો મહા સમારોહ કયાં યોજવામાં આવ્યો હતો?**સાબરમતી આશ્રમ-અમદાવાદ** ★વિશ્વરૂપ વિષ્ણુની ભવ્ય પ્રતિમા ગુજરાતમાં કયાં આવેલી છે?**શામળાજી** ★ગુપ્ત યુગ દરમ્યાન ગુજરાતમાં હિંદુ ધર્મના કયા સંપ્રદાયનો પ્રચાર થયો?**વૈષ્ણવ** ★વડા પ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા બેટી બચાવો, બેટી પઢાઓ યોજનાને ક્યાંથી લાગુ કરવામાં આવી?**પાણીપત, હરિયાણા**★ગુજરાતની સૌપ્રથમ ફાઇન આર્ટસ કોલેજ કયા શહેરમાં સ્થપાઇ હતી? **વડોદરા** ★ગુજરાતના કયા મહાનુભાવ સૌપ્રથમ વખત રાજયપાલ બન્યા હતા? કયા રાજયમાં? **ચંદુલાલ ત્રિવેદી-ઓરિસ્સા**★

**સીધી તાલુકા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે gujaratquiz.in વેબસાઈટની મુલાકાત લો અને ત્યાં આપેલ વિગતો મુજબ સ્પર્ધામાં ભાગ લો.**

અમદાવાદનો ભદ્રનો કિલ્લો કોણે બનાવ્યો હતો?**સુલતાન અહમદશાહ**★કેન્દ્ર સરકારની યોજના 'સખી મંડળ' કયા અર્થશાસ્ત્રીના માઇક્રો ફાઇનાન્સના ખ્યાલને મૂર્તિમંત કરે છે?**ડૉ. મહંમદ યુનુસ (બાંગ્લાદેશ)**★સંસ્કૃત અને અંગ્રેજી સંસ્કારવાળી ગદ્યશૈલી ગુજરાતના કયા કવિની રચનાઓમાં વિકસેલી જોવા મળે છે?**સુન્દરમ્**★કેન્દ્ર સરકારની યોજના 'સખી મંડળ' અંતર્ગત વધુમાં વધુ કેટલી બહેનો સાથે મળીને મંડળ બનાવી શકે છે?**૨૦**★ગુજરાત સરકાર દ્વારા અમલી બનાવવામાં આવેલી મિશન મંગલમ્ યોજના અંતર્ગત કોને લાભ થતો હોવાથી તેનું નામ આ પ્રકારનું રાખવામાં આવ્યું છે?**ગરીબ મહિલાઓને**★ભારત સરકાર દ્વારા ગરીબ મહિલાઓના ઉદ્ધાર માટે શરૂ કરવામાં આવેલી કઈ યોજનાનું પરિવર્તિત કરીને ગુજરાત સરકારે મિશન મંગલમ્ યોજના શરૂ કરી છે?**સુવર્ણ જયંતી ગ્રામ સ્વરાજ યોજના**★કિશોરી શક્તિ યોજના અંતર્ગત ગરીબી રેખા નીચે જીવતાં કુટુંબોની કેટલા વયની કિશોરીઓને શિક્ષણ અને વ્યાવસાયિક તાલીમ પૂરી પાડવામાં આવે છે?**૧૧થી ૧૮ વર્ષ**★ગુજરાત સરકારની વિશિષ્ટ યોજના પોષણક્ષમ ચોકલેટ યોજના અંતર્ગત આંગણવાડીમાં ભણતા કેટલા વર્ષના બાળકોને પોષણયુક્ત ચોકલેટ પૂરી પાડવામાં આવે છે?**૩થી ૬ વર્ષ**★ગુજરાત સરકારની વિશિષ્ટ યોજના મોબાઇલ આંગણવાડી વાનનો ઉદ્દેશ્ય શું છે?**અંતરિયાળ વિસ્તારમાં વસતાં નાના બાળકોને આંગણવાડી સુધી લાવવા-લઈ જવા**★વિદ્યાદીપ યોજનાના અંતર્ગત શાળામાં ભણતા વિદ્યાર્થીઓને કેટલા રૂપિયાનું વીમાકવચ પૂરું પાડવામાં આ છે?**રૂ. ૫૦,૦૦૦**★તિથિ ભોજન યોજના અંતર્ગત ગામના પૈસાપાત્ર લોકો દ્વારા કયા દિવસે આંગણવાડીના ગરીબ વિદ્યાર્થીઓને પૌષ્ટિક ભોજન વિનામૂલ્યે પૂરો પાડવામાં આવે છે?**સ્વજનોની તિથિના દિવસે**★ગુજરાત સરકારની વિશિષ્ટ યોજના ઉમંગ ઉત્સવનો ઉદ્દેશ્ય શું છે?**મંદબુદ્ધિ કે ખોડખાંપણ ધરાવતા બાળકોના જીવનમાં ઉમંગ ઉત્સાહ લાવવો**★ભારત સરકાર દ્વારા સંચાલિત થતી મિશન બલમ્ સુખમ્ યોજનાનો ઉદ્દેશ્ય શું છે?**ગરીબ બાળકોમાંથી કુપોષણ દૂર કરવું**★ભારત સરકાર દ્વારા સંચાલિત થતી મિશન બલમ્ સુખમ્ યોજના અંતર્ગત વિવિધ ખાતાંઓ સાથે સંકલન સાધવા માટે શેની રચના કરવામાં આવી છે?**સંકલિત બાળવિકાસ સોસાયટી**★ભારત સરકારની મિશન બલમ્ સુખમ્ યોજનાને ગુજરાતમાં લાગુ કરવા માટે રાજ્ય સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા શેની રચના કરવામાં આવી હતી?**ગુજરાત સ્ટેટ ન્યુટ્રીશન મિશન**★ ભારતનું કયું રેલવે પ્લેટફોર્મ વિશ્વનું સૌથી લાંબુ પ્લેટફોર્મ છે? **ખડગપુર** ★એશિયાનું સૌથી જુનું સ્ટોક એક્ચેંજ કયું છે?**બોમ્બે સ્ટોક એક્ચેંજ**★ભારતમાં રાજ્યના ગવર્નરની ન્યૂનતમ વય કેટલી હોવી જાઈએ?**૩૫ વર્ષ**★ભારતમાં સૌપ્રથમ ભાષાના આધારે બનનારું રાજ્ય કયું છે?**આંધ્ર પ્રદેશ**★કેન્દ્રીય પ્રદેશ અંદમાન અને નિકોબાર ટાપુ કયા હાઈકોર્ટના વિસ્તારમાં આવે છે?**કોલકાતા હાઈકોર્ટ**★ કોલકાતા(પશ્ચિમ બંગાળ) અને ઢાકા(બાંગ્લાદેશ)ને કઈ પેસેન્જર ટ્રેન જાડે છે?**મૈત્રી એક્સપ્રેસ**★લોકસભામાં સભ્ય તરીકે ઍંગ્લો ઇન્ડિયન સમાજમાંથી કેટલા ઉમેદવારોની પસંદગી રાષ્ટ્રપતિ કરે છે?**બે**★ વીર સાવરકર ઍરપોર્ટ કયા શહેરમાં આવ્યું છે?**પોર્ટ બ્લેઅર**★દેશના સૌપ્રથમ શિક્ષણ મંત્રી કોણ હતા?**મૌલાના અબુલ કલામ આઝાદ**★જાણીતી થયેલી 'દેવદાસ' નવલકથાના લેખક કોણ છે?**શરતચંદ્ર ચટરજી** ★રાજ્યસભાના સભ્યોનો કાર્યકાળ કેટલા વર્ષનો હોય છે?**છ વર્ષ**★ભારતમાં બીજો સૌથી ઊંચો પર્વત કાંચનગંગા કયા રાજ્યમાં આવેલો છે?**સિક્કિમ**★વર્ષ ૧૯૫૧માં વિનોભા ભાવેએ ભૂદાન આંદોલનની શરૂઆત કયા સ્થળેથી કરી હતી?**પોચમ્પલી**★ભારતના સૌપ્રથમ ન્યૂક્લિઅર રિએક્ટરનું નામ જણાવો.**અપ્સરા**★સ્વતંત્ર્ય હિંદના પ્રથમ કાયદા મંત્રી કોણ હતા?**ડો.બાબાસાહેબ આમ્બેડકર** ★'નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઓસિઓનોગ્રાફી'નું વડું મથક ક્યાં આવેલું છે? **ગોવા**★હાર્વડ બિઝનેસ સ્કુલમાંથી સૌપ્રથમ સ્નાતક થનાર મહિલા કોણ હતાં?**નૈના લાલ કિડવાઈ**★ભારત અવકાશ કાર્યક્રમના પિતામહ તરીકે કયા વૈજ્ઞાનિક ઓળખાય છે?**વિક્રમ સારાભાઈ**★સચિન તેન્ડુલકર પછી રાજીવ ગાંધી ખેલરત્નનું સન્માન મેળવાનાર બીજા ક્રિકેટર કોણ છે?**મહેન્દ્રસિંઘ ધોની**★સ્વતંત્ર્ય ભારતના સૌપ્રથમ ગવર્નર-જનરલ કોણ હતા?**સી. રાજગોપાલચારી**★હિંદી પછી ભારતમાં સૌથી વધુ બોલાનારી ભાષા કઈ છે?**બંગાળી**★ભારતનો સર્વોચ્ચ નાગરીક સન્માન ભારત રત્ન મેળવાનાર પ્રથમ મહિલા કોણ હતાં?**ઇંદિરા ગાંધી**★ વર્ષ ૧૯૨૨માં ચિત્તરંજન દાસ અને મોતીલાલ નેહરુએ કયા રાજકીય પક્ષની સ્થાપના કરી હતી?**સ્વરાજ પક્ષ**★બ્રિટીશ ઇંડિયા વખતે ગ્રીષ્મ ઋતુમાં કયું હિલ સ્ટેશન રાજધાની રહેતી હતી?**સિમલા**★ભારતના મિલિટરીના સર્વોચ્ચ પદક પરમ વીર ચક્રની ડિઝાઈન કોણે કરી છે?**સાવિત્રી ખાનોલકર**★ભારતમાં બનેલી પ્રથમ ફિચર ફિલ્મ 'રાજા હરીશચંદ્ર'(૧૯૧૩)ના ડિરેક્ટર કોણ હતા?**દાદાસાહેબ ફાળકે** ★ પટનામાં ગંગા નદી પર નિર્માણ પામેલો કયો બ્રિજ ભારતમાં નદી પર બનેલો સૌથી લાંબો બ્રિજ છે?**મહાત્મા ગાંધી સેતુ**★વર્ષ ૧૯૨૮માં સ્થપાયેલા બ્રહ્મો સમાજ(બ્રહ્મો સભા)ના સ્થાપક કોણ હતા?**રાજા રામમોહન રાય**★

સેવાસેતુ કાર્યક્રમ થકી પારદર્શી પ્રશાસનની પ્રતીતિ

૫૩ લાખથી
વધુ અરજીઓનો સ્થળ
ઉપર હકારાત્મક નિકાલ
રાજ્યના તમામ
૧૮૦૦૦ ઉપરાંત ગામડાઓને
આવરી લેતો મહાયજ્ઞ
સૌનો સાથ સૌનો વિકાસ

એકપણ સાચો લાભાર્થી મળવાપાત્ર લાભથી વંચિત ન રહે
આવક, જાતિ, વૃદ્ધ પેન્શન જેવા દાખલાઓ તથા
વ્યક્તિલક્ષી યોજનાઓનો લાભ લેવા હવે તાલુકા કે
જિલ્લા મથકો સુધી ધક્કા ખાવા નહીં પડે
સૌનો સાથ સૌનો વિકાસ


2017

કયા વર્ષમાં છત્તીસગઢના દેશી રજવાડાઓ ભારત સંઘમાં સામેલ થયા હતા?**જાન્યુઆરી, ૧૯૪૮**★છત્તીસગઢમાં આવેલાં બિલાસપુર નજીક કયું ઔદ્યોગિક વિકાસ કેન્દ્ર સ્થાપના થઈ છે?**સિરગિટ્ટી**★છત્તીસગઢમાં કંઈ નદી પશ્ચિમ તરફ વહે છે?**ઈંદ્રાવતી નદી**★છત્તીસગઢમાં પ્રથમ વિદ્યુત ઉત્પાદન કેન્દ્રની(ફર્સ્ટ ઈલેક્ટ્રિક પ્રોડક્શન સેન્ટર) સ્થાપના કયા દેશના સહયોગથી થઈ છે?**અમેરિકા**★છત્તીસગઢ રાજ્યમાં નવી ઉદ્યોગ નીતિ કયા વર્ષથી લાગુ થઈ છે?**૧, નવેમ્બર ૨૦૧૪**★કયા વર્ષમાં છત્તીસગઢ રાજ્યના બ્રિટીશ ક્ષેત્રને મધ્ય પ્રાંત(સેન્ટ્રલ પ્રોવિન્સિસ)માં સામેલ કરવામાં આવ્યા હતા?**સન ૧૮૬૧માં**★સવિનય કાનૂનભંગ દરમિયાન સન ૧૯૩૦માં છત્તીસગઢમાં થયેલાં સત્યાગ્રહ કયા ક્ષેત્રમાં થયો હતો?**તમોરા**★નિમ્નલિખિત કયા પ્રકારની પરિવહન વ્યવસ્થા છત્તીસગઢ સરકાર દ્વારા સંચાલિત કરવામાં આવતી નથી?**માર્ગ પરિવહન**★છત્તીસગઢ રાજ્યમાં ૯૦ બેઠકોમાંથી કેટલી બેઠકો અનૂસુચિત જનજાતિ અને અનૂસુચિત જાતિ માટે આરક્ષિત રાખવામાં આવી છે?**૪૪**★વસતીની દૃષ્ટિએ છત્તીસગઢ રાજ્યના બે મોટા શહેર કયા છે?**રાયપુર અને ભિલાઈ-દુર્ગ**★હિંદ છોડો આંદોલન દરમિયાન છત્તીસગઢ રાજ્યના રાયપુર જિલ્લા સ્થિત કયા શૈક્ષણિક સંસ્થાના વિદ્યાર્થીઓએ સક્રિય રીતે ભાગ લીધો હતો?**છત્તીસગઢ કોલેજ**★મારવા થર્મલ પાવર પ્લાન્ટ છત્તીસગઢ રાજ્યના કયા જિલ્લામાં સ્થિત છે?**જાંજગીર-ચાંપા**★છત્તીસગઢમાં કયા જનજાતિનો ઉત્સવ 'સરહલૂ' છે?**ઉરાંવ**★છત્તીસગઢમાં કઈ જનજાતિનું મુખ્ય કાર્ય વાંસ પર કારીગરી કરવાનું છે?**કંડરા**★છત્તીસગઢની કંઈ નદી પર રવિશંકર સાગર પરિયોજના નિર્માણ કરવામાં આવી છે?**મહાનદી**★કલચુરી શાસનના અંત બાદ છત્તીસગઢમાં પ્રથમ મરાઠા શાસક કોણ હતા?**બિંબાજી ભોસલા**★છત્તીસગઢના લતા મંગેશકર તરીકે ઓળખનારાં ગાયિકો કોણ છે?**કિસ્મતબાઈ**★છત્તીસગઢમાં ચક્રધર સમારોહનું આયોજન કયા જિલ્લામાં થાય છે?**રાયગઢ**★છત્તીસગઢમાં આવેલા કયા સ્થળે માટીથી બનાવવામાં આવેલા રાવણનો વધ કરવામાં આવે છે?**સિહાવા**★ છત્તીસગઢ રાજ્યમાં તેન્દુપત્તાનો સૌથી વધારે ઉપયોગ કયા ઉદ્યોગમાં થાય છે?**બીડી ઉદ્યોગ**★છત્તીસગઢ રાજ્યમાં એકમાત્ર કેસર ચિકિત્સક કેન્દ્ર કયા સ્થિત છે?**રાયપુર**★વિશ્વના સૌથી જુના થીયેટરના અવશેષો છત્તીસગઢની કઈ ગુફામાંથી પ્રાપ્ત થાય છે?**સીતાબેંગરા ગુફા**★છત્તીસગઢમાં "ભિલાઈ સ્ટીલ પ્લાન્ટ"ની સ્થાપના ક્યારે થઈ?**૧૯૫૭**★વિશ્વની પ્રસિદ્ધ લોઢાની ખાણ છત્તીસગઢમાં કયા આવેલ છે?**બૈલાડીલા**★છત્તીસગઢમાં "અમૃતધારા પાણીનો ધોધ" કઈ નદી પર સ્થિત છે?**હસદો નદી**★છત્તીસગઢમાં મેંગેનિઝનું સૌથી વધારે ઉત્પાદન કયા જિલ્લામાં થાય છે?**બિલાસપુર**★ છત્તીસગઢમાં 'ઈસ્બા' શું છે? **બાળકોની એક રમત**★છત્તીસગઢમાં 'ખેલ દિવસ' નીચેનામાંથી ક્યા દિવસે માનવામાં આવે છે?**૨૯ ઓગસ્ટ**★સંસ્કાર પ્રમાણે છત્તીસગઢનું પ્રમુખ લોકગીત કયું છે?**સોહર ગીત**★કવિ કાલિદાસની મહાનતમ કૃતિ 'મેઘદૂત'નો છત્તીસગઢી ભાષામાં અનુવાદ કોણે કર્યો છે? **મુકુટધર પાંડે**★છત્તીસગઢમાં 'તમસઈ' ક્યાં પકવાનને કહેવામાં આવે છે? **ખીર** ★છત્તીસગઢના વિધાનસભા અધ્યક્ષના નિવાસનું નામ શું રાખવામાં આવ્યું છે? **સદભાવના** ★એશિયાનો પ્રથમ સાયફન ડેમ કયો છે?**માડમસિલ્લી જળાશય**★વિશ્વની પ્રાચીન નાટ્યશાળાના અવશેષો નીચેનામાંથી કઈ ગુફામાંથી પ્રાપ્ત થયા છે?**સીતાબેંગરા ગુફા**★કેન્દ્ર સરકારની વિશિષ્ટ યોજના કાંગારૂ મધર કેર અંતર્ગત કોની વિશેષ તબીબી કાળજી લેવામાં આવે છે?**નવજાત શિશુ**★ગુજરાત સરકારની કઈ યોજનાઓ હેઠળ કામ કરી રહેલા ડૉક્ટરો સાથે એમઓયુ કરીને તેમને કાંગારૂ મધર કેર યોજનામાં સામેલ કરવામાં આવ્યા છે?**ચિરંજીવી યોજના અને બાળસખા યોજના**★ગતિશીલ ગુજરાતનું મહિલા સશક્તિકરણનું ઐતિહાસિક અભિયાન અંતર્ગત દર વર્ષે કેટલા દિવસના સળંગ કાર્યક્રમોનું આયોજન અને તેનો વ્યાપર પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે?**૧૫ દિવસ**★ગુજરાત સરકારની વિશિષ્ટ યોજના નિરાધાર વિધવાઓના પુનઃસ્થાપન માટેની આર્થિક યોજનાને કયા મુખ્યમંત્રી દ્વારા અમલમાં મૂકવામાં આવી હતી?**નરેન્દ્ર મોદી**★નિરાધાર વિધવાઓના પુનઃસ્થાપન માટેની આર્થિક યોજના અંતર્ગત જે નિરાધાર વિધવાનો પુત્ર ન હોય તેને ગુજરાત સરકાર દ્વારા દર મહિને કેટલા રૂપિયાની આર્થિક સહાય આપવામાં આવે છે?**૭૫૦ રૂપિયા**★નિરાધાર વિધવાઓના પુનઃસ્થાપન માટેની આર્થિક યોજના અંતર્ગત નિરાધાર વિધવાની વયજૂથ કેટલી હોય તો તેને રાજ્ય સરકાર દ્વારા વિના મૂલ્યે વ્યાવસાયિક તાલીમ આપવામાં આવે છે?**૧૮થી ૪૦ વર્ષ**★કેન્દ્ર સરકારની યોજના આશા(ASHA)નું પૂર્ણ નામ શું છે?**Accredited Social Health Activist**★ભારત સરકારના કયા મિશન હેઠળ આશા યોજનાનું સંચાલન થાય છે?**રાષ્ટ્રીય ગ્રામીણ હેલ્થ મિશન**★કેન્દ્ર સરકારની બાલિકા સમૃદ્ધિ યોજના અંતર્ગત બાળકીનો જન્મ થતાં તેના પરિવારજનને કેટલા રૂપિયાની સહાય કરવામાં આવે છે?**રૂ. ૫૦૦**★કેન્દ્ર સરકારની બાલિકા સમૃદ્ધિ યોજના અંતર્ગત બાળકી જો ૧થી ૧૦ ધોરણ સુધીનો અભ્યાસ સફળતાપૂર્વક પૂર્ણ કરે તો તેને ક્રમિક રીતે કેટલા રૂપિયાની શિષ્યવૃત્તિ આપવામાં આવે છે?**રૂ. ૩૦૦થી રૂ. ૧૦૦૦**★કેન્દ્ર સરકારની બાલિકા સમૃદ્ધિ યોજના અંતર્ગત કુટુંબ દિઠ વધુમાં વધુ કેટલી બાળકીઓને આ યોજનાના લાભ મળે છે?**બે**★ગુજરાત સરકારની અન્નપ્રાશન યોજનાનો ઉદ્દેશ્ય શું છે?**ગરીબ કુટુંબના બાળકોને પૂર પોષણ ધરાવતો ખોરાક આપી કુપોષણ દૂર કરવું**★અન્નપ્રાશન યોજના અંતર્ગત નવજાત શિશુને કેટલા માસ સુધી માતાના દૂધ સાથે સરકાર દ્વારા પૂરક આહાર પૂરો પાડવામાં આવે છે?**૬ માસ**★ગુજરાતમાં મેટ્રો રેલનો મહત્ત્વકાંક્ષી યોજના કયા બે શહેરોના વચ્ચે શરુ થવાની છે?**અમદાવાદ-ગાંધીનગર**★ગુજરાત રાજ્યની કંઈ મહત્વકાંક્ષી યોજના ૨૦૨૨ સુધી રાજ્યના દરેક પરિવારને પોતાનું ઘરનું ઘર હોય એ સપનું સાકાર કરશે?**એફોર્ડેબલ હાઉસિંગ સ્કીમ**★પંજાબની વાઘા બોર્ડરની જેમ ગુજરાતમાં કયા જિલ્લામાં સીમા દર્શન કેન્દ્ર ખુલ્લું મૂકવામાં આવ્યું છે?**નડાબેટ, બનાસકાંઠા**★રાજ્યના લોકોને બજાર કરતાં ૮૦ ટકા સુધી ઓછી કિંમતે દવાઓ મળી રહે તે માટે કયા સ્ટોર્સનું લોકાર્પણ કરવામાં આવ્યું છે?**દીનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધિ સ્ટોર્સ**★ગ્રામીણ નાગરિકોનું પ્રશ્નોનું સ્થાનિક સ્તરે જ નિરાકરણ થાય તે માટે રાજ્ય સરકારે કયો કાર્યક્રમમાં અમલમાં મૂક્યો છે?**સેવા સેતુ**★ગુજરાતનું કયું રેલવે સ્ટેશન વિશ્વનું સૌપ્રથમ મલ્ટિમોડેલ ટ્રાન્સપોર્ટેશન હબ તરીકે નિર્માણ કરવામાં આવનાર છે?**સુરત**★અમદાવાદ શહેરમાં દર વર્ષે ફ્લાવર શો ક્યાં યોજાય છે?**સાબરમતી રિવરફ્રન્ટ**★ભારતનો પ્રથમ કેનાલ બેઝ્ડ સોલાર પાવર પ્રોજેક્ટ ગુજરાતના કયા જિલ્લામાં નિર્માણ કરવામાં આવ્યો છે?**મહેસાણા જિલ્લો**★નર્મદા ડેમ નજીક આવેલા સાધુ બેટ પર કયા રાજકીય આગેવાનની સૌથી ઊંચી પ્રતિમા નિર્માણાધીન છે?**સરદાર પટેલ**★

**સીધી તાલુકા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે gujaratquiz.in વેબસાઈટની મુલાકાત લો અને ત્યાં આપેલ વિગતો મુજબ સ્પર્ધામાં ભાગ લો.**